ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૫૦    ૧ માર્ચ ૨૦૧૯    પાના-૧૬    વાર્ષિક લવાજમ -રૂ.૧૦૦/-

## રાજવાણી વચનામૃત

આ જગતને વિશે જેને વિશે વિચારશક્તિ વાચાસહિત વર્તે છે, એવાં મનુષ્યપ્રાણી કલ્યાણનો વિચાર કરવાને સર્વથી અધિક યોગ્ય છે; તથાપિ પ્રાયે જીવને અનંતવાર મનુષ્યપણું મળ્યાં છતાં તે કલ્યાણ સિદ્ધ થયું નથી, જેથી વર્તમાન સુધી જન્મમરણનો માર્ગ આરાધવો પડયો છે. અનાદિ એવા આ લોકને વિશે જીવની અનંતકોટી સંખ્યા છે; સમયે સમયે અનંત પ્રકારની જન્મમરણાદિ સ્થિતિ તે જીવોને વિશે વર્ત્યા કરે છે; એવો અનંતકાળ પૂર્વે વ્યતીત થયો છે. અનંતકોટી જીવના પ્રમાણમાં આત્મકલ્યાણ જેણે આરાધ્યું છે, કે જેને પ્રાપ્ત થયું છે, એવા જીવ અત્યંત થોડા થયા છે, વર્તમાને તેમ છે, અને હવે પછીના કાળમાં પણ તેવી જ સ્થિતિ સંભવે છે, તેમ જ છે. અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ જીવને ત્રણે કાળને વિષે અત્યંત દુર્લભ છે; એવો જે શ્રી તીર્થંકરદેવાદિ જ્ઞાનીનો ઉપદેશ તે સત્ય છે. એવી, જીવસમુદાયની જે ભ્રાંતિ તે અનાદિ સંયોગે છે, એમ ઘટે છે, એમ જ છે; તે ભ્રાંતિ જે કારણથી વર્તે છે, તે કારણના મુખ્ય બે પ્રકાર જણાય છે; એક પારમાર્થિક અને એક વ્યાવહારિક; અને તે બે પ્રકારનો એકત્ર અભિપ્રાય જે છે તે એ છે કે, આ જીવને ખરી મુમુક્ષુતા આવી નથી; એક અક્ષર સત્ય પણ તે જીવમાં પરિણામ પામ્યું નથી; સત્પુરુષના દર્શન પ્રત્યે જીવને રુચિ થઈ નથી; તેવા તેવા જોગે સમર્થ અંતરાયથી જીવને તે પ્રતિબંધ રહ્યો છે; અને તેનું સૌથી મોટું કારણ અસત્સંગની વાસનાએ જન્મ પામ્યું એવું નિજેચ્છાપણું, અને અસત્દર્શનને વિષે સત્દર્શનરૂપ ભ્રાંતિ તે છે. 'આત્મા નામનો કોઈ પદાર્થ નથી', એવો એક અભિપ્રાય ધરાવે છે; 'આત્મા નામનો પદાર્થ સંયોગિક છે', એવો અભિપ્રાય કોઈ બીજા દર્શનનો સમુદાય સ્વીકારે છે; 'આત્મા દેહસ્થિતિરૂપ છે, દેહની સ્થિતિ પછી નથી', એવો અભિપ્રાય કોઈ બીજા દર્શનનો છે. 'આત્મા અણુ છે', '' આત્મા સર્વવ્યાપક છે', 'આત્મા શૂન્ય છે, સાકાર છે', આત્મા પ્રકાશરૂપ છે, 'આત્મા સ્વતંત્ર નથી', 'આત્મા કર્તા નથી', 'આત્મા કર્તા છે ભોક્તા નથી', 'આત્મા કર્તા નથી ભોક્તા છે', 'આત્મા કર્તા નથી ભોક્તા નથી', 'આત્મા જડ છે', 'આત્મા કૃત્રિમ છે', એ આદિ અનંત નય જેના થઈ શકે છે એવા અભિપ્રાયની ભ્રાંતિનું કારણ એવું અસત્દર્શન તે આરાધવાથી પૂર્વે આ જીવે પોતાનું સ્વરૂપ તે જેમ છે તેમ જાણ્યું નથી. તે તે ઉપર જણાવ્યાં એકાંત-અયથાર્થપદે જાણી આત્માને વિશે અથવા આત્માને નામે ઈશ્વરાદિ વિશે પૂર્વે જીવે આગ્રહ કર્યો છે; એવું જે અસત્સંગ, નિજેચ્છાપણું અને મિથ્યાદર્શનનું પરિણામ તે જ્યાં સુધી મટે નહીં ત્યાં સુધી આ જીવ ક્લેશ રહિત એવો શુદ્ધ અસંખ્યપ્રદેશાત્મક મુક્ત થવો ઘટતો નથી, અને તે અસત્સંગાદિ ટાળવાને અર્થે સત્સંગ, જ્ઞાનીની આજ્ઞાનું અત્યંત અંગીકૃતપણું, અને પરમાર્થસ્વરૂપ એવું જે આત્માપણું તે જાણવા યોગ્ય છે.

પૂર્વે થયા એવા જે તીર્થંકરાદિ જ્ઞાનીપુરુષો તેમણે ઉપર કહી એવી જે ભ્રાંતિ તેનો અત્યંત વિચાર કરી, અત્યંત એકાગ્રપણે, તન્મયપણે જીવસ્વરૂપને વિચારી, જીવસ્વરૂપે શુદ્ધ સ્થિતિ કરી છે, તે આત્મા અને બીજા સર્વ પદાર્થો તે શ્રી તીર્થંકરાદિએ સર્વ પ્રકારની ભ્રાંતિરહિતપણે જાણવાને અર્થે અત્યંત દુષ્કર એવો પુરુષાર્થ આરાધ્યો છે. આત્માને એક પણ અણુના આહારપરિણામથી અનન્ય ભિન્ન કરી આ દેહને વિષે સ્પષ્ટ એવો અનાહારી આત્મા, સ્વરૂપથી જીવનાર એવો જોયો છે. તે જોનાર એવા જે તીર્થંકરાદિ જ્ઞાની પોતે જ શુદ્ધાત્મા છે, તો ત્યાં ભિન્નપણે જોવાનું કહેવું જો કે ઘટતું નથી, તથાપિ વાણીધર્મે એમ કહ્યું છે.

એવો જે અનંત પ્રકારે વિચારીને પણ જાણવા યોગ્ય 'ચૈતન્યઘન જીવ' તે બે પ્રકારે તીર્થંકરે કહ્યો છે; કે જે સત્પુરુષથી જાણી, વિચારી, સત્કારીને જીવ પોતે તે સ્વરૂપને વિશે સ્થિતિ કરે. પદાર્થ માત્ર તીર્થંકરાદિ જ્ઞાનીએ

'વક્તવ્ય' અને 'અવકતવ્ય' એવા બે વ્યવહારધર્મવાળા માન્યા છે. અવક્તવ્યપણે જે છે તે અહીં 'અવક્તવ્ય' જ સ્વરૂપને વિષે સ્થિતિ કરે. વક્તવ્યપણે જે જીવધર્મ છે, તે સર્વ પ્રકારે તીર્થંકરાદિ કહેવા સમર્થ છે, અને તે માત્ર જીવના વિશુદ્ધ પરિણામે અથવા સત્પુરુષે કરી જણાય એવો જીવધર્મ છે, અને તે જ ધર્મ તે લક્ષણે કરી અમુક મુખ્ય પ્રકારે કરી તે દોહાને વિષે કહ્યો છે. અત્યંત પરમાર્થના અભ્યાસે તે વ્યાખ્યા અત્યંત સ્ફુટ સમજાય છે, અને તે સમજાયે આત્માપણું પણ અત્યંત પ્રગટે છે, તથાપિ યથાવકાશ અત્ર તેનો અર્થ લખ્યો છે.

**- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૪૩૭**

## અહમ્, અપેક્ષા અને આસક્તિ

મનુષ્યને પરમપદ પામવા માટે ત્રણ પરિબળો બાધારૂપ થાય છેઃ (૧) જીવનમાં હું કંઈક છું, એવો અહ્‌મ ભાવ (૨) 'મને આટલું મળી જાય તો બસ', એવો 'અપેક્ષા ભાવ' અને (૩) હું લાંબું જીવી સર્વે સુખોને ભોગવું એવો 'આસક્તિ ભાવ'. ઉપર જણાવેલા ત્રણ ભાવો દ્રષ્ટાંત રૂપે જ આલેખ્યા છે, જે આપણી સાથે અનેક રીતે સંકળાયેલા છે. આ ત્રિપુટીથી શી રીતે બચવું ? ઉપાય તો છે, પરંતુ તેનું આચરણ અઘરું છે. સંત સમાગમ એનો ઉપાય બની શકે ? હા. અને ના. બંને વિકલ્પો છે. સંતો સદ્‌બુદ્ધિ આપે જે બધા જ આચરણમાં મૂકવા લાયક ન પણ બની શકે.

સંસારી જીવ તરીકે કેટલીક મર્યાદા એનું આચરણ કરતાં આપણને રોકે. ઉપરાંત સંતનો સમાગમ કેવળ સદ્‌બોધ પ્રાપ્ત કરવા સુધીનો જ મર્યાદિત ન રહે. સતત સંસર્ગ બંને પક્ષે ક્યારેક સમસ્યા ઊભી કરે. સંજોગે એવા સર્જાય જ્યારે સંતો પણ અહમ, અપેક્ષા અને આસક્તિથી વિરક્ત ન બની શકે. (અહીં સાધુ-સંતોની કોઈપણ પ્રકારે અનાદર કરવાનો ભાવ નથી.) બીજો ઉપાય યોગસાધના બની શકે. પણ આ યોગસાધના સહજ નથી. આપણી આજુબાજુનું વાતાવરણ એ સાધનાને કેટલે અંશે સફળ બનાવી શકે તેના ઉપર યોગિક પ્રક્રિયા સંકળાયેલી છે. હાથ જોડી- આંખો બંધ કરી પલાંઠી વાળીને ટટ્ટાર બેસી રહેવાથી યોગ સાધી ન શકાય. યોગ માટે તો પૂર્ણપણે મનનો સહયોગ જરૂરી હોય છે. યોગ માટે નક્કી કરેલા સમય પહેલાંનુ માનસિક સંતુલન અતિ મહત્ત્વનું હોય છે. અનેક સમસ્યા વચ્ચેની સ્થિતિપ્રજ્ઞતાનો તટસ્થ ભાવ યોગને અનુસાંગિક બનાવી શકે. અહીં પણ પેલા અહમ, અપેક્ષા અને આસક્તિના ભાવ આપણને આડા આવે.

ત્રીજો ઉપાય વાંચન-શ્રવણ બની શકે. આધ્યાત્મિક અવતરણો, ઉપદેશાત્મક જીવન ચરિત્રો, પ્રેરણાત્મક પ્રવચનોની કેસેટ અને ધાર્મિક દ્રષ્ટાંતો- કથાઓનો મહાવરો આપણામાં સંસ્કારી બીજ રોપી શકે. આ વાંચન- શ્રવણ યથાયોગ્ય રીતે આચરણમાં મુકાવો જોઈએ. શુદ્ધ સંસારી વાંચન-શ્રવણ આપણામાં અહ્‌મ ન લાવે, અપેક્ષા ન પોષે અથવા આસક્તિ ન વધારે. આ ઉપાય શ્રેષ્ઠ પુરવાર થઈ શકે. કોઈ સાધુ સંતોની જરૂરત વગર, યોગ સાધનાનો અમલ કર્યા વગર શુદ્ધ વાંચનથી ઘડાયેલું માનસ રોજની દિનચર્યામાં પલટો લાવી શકે. આપણા આચાર- વિચારમાં પરિવર્તન લાવી શકે, જે આપણામાં રહેલા અહ્‌મને ભાંગી શકે. અપેક્ષાઓને નાથી શકે. અને આપણી આસક્તિને ઓછી કરી શકે. વાંચનમાં કોઈના સંસર્ગની જરૂરત નથી, નક્કી કરેલા સમયની જરૂરત નથી, જરૂર છે ફક્ત વાંચનની પસંદગીની. છીછરા વાંચનથી દૂર રહી એકાંકી ચિંતન- મનન જગાવે જે મનને પ્રફુલિત કરે, આપણી દૈનિક પ્રક્રિયાનું પાલન કરે, જે આપણને પરમપદની પ્રાપ્તિના પંથે લઈ જાય. **- ચંદ્ર શાહ, મુંબઈ સમાચાર પૂર્તિ**


| આ અંકમાં | | પાના નં. |
|---|---|---|
| રાજવાણી | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| અહમ્, અપેક્ષા, આસક્તિ | ચંદ્ર શાહ | ૨ |
| તંત્રી લેખ : | | |
| યોગ્યતા મેળવો એમ જ મળશે. | રમેશભાઈ દોશી | ૩ |
| ઘર સંસાર | ડોંગરે મહારાજ | ૪ |
| મહાત્મા ગાંધીનું અર્થશાસ્ત્ર | સોનલ પરીખ | ૫ |
| બાળકો માટેનું ચિંતન | ચીમનભાઈ પટેલ | ૬ |
| બધામાં આપવાની ક્ષમતા | પૂ. મોરારી બાપુ | ૭ |
| આપણો રાષ્ટ્રવાદ | યાસીન દલાલ | ૮ |
| નૈતિક મુલ્યો | સુધીર ભેદા | ૯ |
| અંગદાન | મુઝફ્ફર હુસેન | ૧૦ |
| સેવાકી ધુન | નલિની નાવરેકર | ૧૧ |
| પ્રાર્થના | સૌ. સેવા | ૧૨ |
| વિકાસ એટલે શું ? | વિનુભાઈ ગાંધી | ૧૩ |
| પ્રતિભાવ | -- | ૧૪ |
| પિતાના હાથનાં છાલાં | ઉમેદભાઈ નંદુ | ૧૪ |
| પ્રાર્થના (કવિતા) | ન્હાનાલાલ | ૧૫ |
| લવાજમ મળેલ છે. | -- | ૧૫ |
| બાપના આશીર્વાદ | સૌ. પરિત્રાણ | ૧૬ |

## તંત્રી સ્થાનેથી :

# યોગ્યતા મેળવો એમ જ મળશે

૩.૨.૧૯ના મહાવીરનગરમાં પૂ.ડો. નિરંજન મુનિના સાન્નિધ્યમાં એક જ્ઞાનસત્ર યોજાયેલ વિષય હતો ''તપનું વિજ્ઞાન'' અમને પણ એમાં મહારાજ સાહેબે આમંત્રણ આપેલ એમાં જે વક્તવ્ય આપેલ તેનો ટુંકસાર આ છે.

દરેક ધર્મના અમુક નિયમો, ક્રિયાકાંડો, વિધિ, સૂત્રો હોય છે એ બધાપાછળ એક અદભૂત વિજ્ઞાન રહેલું છે. જ્ઞાનીઓએ એને ધર્મનું નામ આપ્યું કે જેથી સહજ માનવજીવનમાં વણાઈ જાય. તપનું પણ એક વિજ્ઞાન છે. સમજ્યા વગર એ કરાય છે ત્યારે એ લાંઘણ કહેવાય છે અન્યથા તપએ જીવનનું અવિભાજ્ય અને અમૂલ્ય ધન છે.

તપનું બીજું નામ વ્રત છે. શ્રાવકના પાંચ અણુવ્રત અને સાધુના પાંચ મહાવ્રત વ્રત એટલે નિયમ- એક સ્પષ્ટ દિશા અને લક્ષ પ્રત્યે પ્રયાણ વ્રત એ એક ચોક્કસ નિર્ણયાત્મક સ્થિતિ છે. દા.ત. ગાંધીજી પ્રથમ વખત વિદેશ જાય છે ત્યારે એમની માતા એમને જૈન સાધુ પાસે ત્રણ નિયમ, જૈનો જેને પચ્ચખાણ કહે છે તે, લીધા. (૧) પરસ્ત્રી ગમન નહિ કરૂં, (૨) માંસાહાર નહિ કરું, (૩) મદ્યપાન નહીં કરૂં. યુરોપમાં ગાંધીજીના જીવનમાં આ ત્રણે પ્રસંગ આવ્યા પણ આ નિયમને લીધે બચી ગયા.

આ માનવદેહમાં અમૂલ્ય ખજાના સાથે ભગવાને આપણને મોકલ્યા છે. પણ એ ખજાનો ભૌતિક માંગો તો ભૌતિક અને આધ્યાત્મિક માંગો તો તે તપની ચાવી દ્વારા સહુને મળી શકે છે. સહુ મેળવી શકે એવી પાત્રતા પણ સહુ પાસે છે જ. એમાં ગરીબ-અમીર, સાધુ-શૈતાન, રોગી-નિરોગી એવા કોઈ ભેદ નથી. સહુ સમાન છે પણ એ ખજાનો મળે છે તપથી-નિયમથી તપએ ચાવી છે.

જેમ બેંકના લોકરની બે ચાવી-એક આપણી પાસે અને બીજી બેંકરપાસે. આપણી બધાની ચાવીઓ અલગ અલગ હજારો જ્યારે બેંકરની પાસે બધાની માટે એક જ ચાવી. આપણી ચાવી એટલે તપ-નિયમ અને બેંકરની ચાવી એટલે ઈશકૃપા-ગુરૂકૃપા. આ ઈશકૃપા સહુ પર સમાન વરસી રહી છે.

આપણા આ જન્મના અને પૂર્વના અનેક જન્મોના કર્મો સંસ્કાર સાથે આપણો જન્મ થયો છે. એટલે દરેક માટે માર્ગ (ચાવી) અલગ પણ લક્ષ એક જ ખજાનો. આપણને જે ધર્મ, પરિવાર, માતા પિતા, સમાજ મળેલ છે તેમાંથી જ આ ખજાનો મળે છે. દરેક ધર્મમાં સંતો થયા જ છે. એટલે ધર્મ પરિવર્તનની જરૂર જ નથી. આ સંતોની વાણી, ભજનો, શાસ્રો એ ભોમિયો છે, નકશો છે. આપણો અંતરઆત્મા સુઝાડે એમ વ્રત-નિયમો સાથે આગળ વધતા જઈએ પાત્રતા પ્રગટ થયે ક્યાંક સદગુરૂ મળી જાય એટલે લોકર ખુલી જાય અને ખજાનો આપણો. અનંતકાળથી આ ખજાનો આપણો હતો, છે અને રહેશે એ ભૂલશો નહિ.

આજનાં ભૌતિક વિજ્ઞાનનો એક મૂલભૂત સિધ્ધાંત-નિયમ સમજી લેવો ખાસ જરૂરી છે. ભૌતિક વિજ્ઞાનમાં અનેક પ્રયોગો થયા છે, થાય છે અને હજી થશે. એમાં સતત સંશોધન થતા રહેશે. ચમત્કાર લાગે એવી શોધો થઈ અને સહજ સહુને આજે મળી પણ છે. હજી આ વિજ્ઞાન કેટલું આગળ વધશે એ તો હવે કલ્પનાનો વિષય છે.

જ્યારે અધ્યાત્મએ Researchનો વિષય નથી. એ Searchનો વિષય છે. આપણા સંતો, ઋષિઓ, તીર્થંકરો, અનુભવી ધર્મગુરૂઓએ જે અનુભવથી સાક્ષાત્કાર પછી ભજનો, શાસ્રો, આગમો આપેલ છે. તેમાં કોઈ ફેરફારને અવકાશ નથી. આ સંતોએ અનુભવથી જન્મથી મોક્ષ સુધીનું એક સ્પષ્ટ દર્શન આપણને હાથવગુ કરી દીધું છે. એ જ એમનો પરમ ઉપકાર આ જગત પર છે. હા, દરેક ધર્મના રીતરિવાજ ક્રિયાકાંડો જેમાં પણ એક અદ્‌ભુત વિજ્ઞાન છે, એ અલગ અલગ હોઈ શકે છે અને હોવાના પણ ઉપલબ્ધિ છેવટની સહુની સરખી જ રહેશે. આ અનુભવ જ મેળવવાનો છે.

આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગ ભેદ નહિ કોય.

-શ્રીમદ્‌ રાજચંદ્ર.

હા, આ માર્ગ એકલાનો, અસંગતાનો છે. આપણે સાચે માર્ગે છીએ કે નહિ એનો તાળો સંતોના અનુભવો, ભજનો, શાસ્રો, વાણી સાથે મેળ થતા હોય તો સાચો નહિ તો ભ્રાંતિ. આ માર્ગ સામુહિક સાધના, સામુહિક સમાધિ, સામુહિક મુક્તિનો માર્ગ નથી. આ તો વ્યક્તિગત સમાધિ અને વ્યક્તિગત મોક્ષનો માર્ગ છે એ ક્યારેય ભૂલવા જેવું નથી. શું બધા જ સાધકો એકજ દિવસે સમયે મૃત્યુ પામે તો શું તેનો સમુહ મોક્ષ-મુક્તિ થાય ખરી? એ અસંભવ વાત છે. કર્મ સિધ્ધાંતનો એમાં ક્યાંય મેળ નથી. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે, ''સર્વ સાધન અસંગતાના અર્થે છે''.

છોડ દુનિયાકે મજે ઔર બૈઠકર એકાંતમે
ધ્યાન ધર ગુરૂ કે ચરનકા આવાગમન મિટ જાયેગા
સો હિ પરમપદ પાયેગા-બ્રહ્માનંદ

આ લેખનું મથાળું છે, ''યોગ્યતા મેળવો એમ જ મળશે.'' આ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક ૧૩૮ પા.૨૨૬ નો પત્ર છે. આટલો જ આ પત્ર અંબાલાલભાઈ પર લખાયેલો છે અને આટલા ટુંકા પત્રમાં મોક્ષ માર્ગ આપી દીધો છે. આ છે આત્મજ્ઞાનીની વાણીની મહતા.

યોગ્યતા મેળવવા માટે જોઈએ વ્રત-નિયમ-દિશાની-લક્ષની સ્પષ્ટતા. શ્રીમદે લખ્યું છે, ''જીવનો અનિશ્ચય અનિર્ણય એ જ અંતરાય (અવરોધ) છે.'' કોઈને પ્રશ્ન થાય આ એકાંત, મૌન, અસંગતા, વ્યક્તિગત મુક્તિ, આ તો સ્વાર્થી માર્ગ થયો. ના, એવું નથી. જરા સમજીએ.

યોગ્યતા મેળવવાનું શ્રેષ્ઠ સાધન છે નિસ્વાર્થ સેવા. સેવાથી ચિતશુધ્ધિ થાય અને જેમ શુધ્ધિ વધતી જાય એમ સંવેદના વધતી જાય. સાથે અંતરમુખતા વધતી જાય, જાગૃતિ વધતી જાય, નિજદોષને સ્પષ્ટ જોઈ શકે, છેલ્લે શૂન્યમાં પ્રવેશ થાય. સ્થિરતા આવે અને એ પછી મુખ્ય સ્ટેજ આવે અને એ છે ઈશકૃપા-ગુરૂકૃપા-સાક્ષાત્કારમાં ઈશકૃપા જ મુખ્ય છે અહિ શૂન્યમાં જ્યારે વિસ્ફોટ થાય છે. ત્યારે એ વ્યક્તિ તો ધન્ય થઈ જ જાય છે પણ એની હાજરી જ માત્ર આ સમસ્ત જગતની શ્રેષ્ઠ સેવા બની જાય છે. ''કશું જ ન કરવું માત્ર સ્થિરતાં'' એ અધ્યાત્મનું સર્વોચ્ચ સ્ટેજ છે. આ પછી જે સેવા થાય છે એનું નામ છે માનસી સેવા, જે સાક્ષાત્કાર પછી શરૂ થાય છે.

વિનોબાજીએ આને સરળરીતે સમજાવેલ છે. ''મૈત્રી'' ફેબ્ર.૨૦૧૬માં આ પ્રશ્નનો જવાબ આપેલ છે.

**પ્રશ્ન :** આંદોલન કે ચલતે કેંદ્રીય સમિતિ કે સામને પૈસે કી ભી સમસ્યા રહતી હૈ.

**ઉત્તર :** પૈસે કા ન હોના એક તાકત હૈ. ઈસ તાકત કી ખોજ હોની ચાહિએ. પૈસે કી તાકત ઉદ્યોગપતિ, વ્યાપારી આદિ લોગોં કે પાસ હોતી હૈં. આપ ભી પૈસે કે પિછે પડેંગે, તો ઉનકે વર્ગ મેં દાખિલ હોંગે, ઔર ઉનકે વર્ગ મેં આપકા દર્જા બિલકુલ આખિરી હોગા! ઉપનિષદ મેં હૈ - ન કર્મણા ન પ્રજયા ધનેન, ત્યાગેનૈક અમૃતત્વમાનશું:। તાકત ન સંતાનોત્પત્તિ મેં હૈ, ન કર્મ મેં હૈ, ન ધન મેં હૈ. લેકિન અસલી તાકત તો ત્યાગ મેં હૈ. યહ બાત સમઝને કી હૈ કિ આપકે પાસ પૈસા નહીં હૈ, યહ આપકી તાકત હૈ. યહ આંદોલન ભૌતિક નહીં, આધ્યાત્મિક હૈ. હમારી આધ્યાત્મિક શક્તિ જિતની બઢેગી, ઉતના હી હમારે વિચાર કા પ્રચાર હોગા. યહાં (રાજગૃહ મેં) શાંતિસ્તૂપ ખડા કિયા હૈ, વહ ઈસલિએ નહિં કિ યહાં કા હવા-પાની અચ્છા હૈ. બલ્કિ ગૌતમ બુદ્ધ યહાં થે, ઈસલિએ ખડા કિયા હૈ. આધ્યાત્મિક અસર હવા મેં કામ કરતા હૈ. જિતના હમારા અપના સંશોધન હોગા, ઉતના હમારા પ્રચાર હોગા. મેરા વિશ્વાસ હૈ કિ પૂર્ણ નિરહંકાર ઔર પૂર્ણ શૂન્ય હો જાયેંગે, તો બૈઠે-બૈઠે કામ હોગા.

આત્માને 'સ્વપર પ્રકાશક' કહેવામાં આવે છે. પ્રથમ સ્વમાં વ્યક્તિમાં સાક્ષાત્કાર થાય છે અને પછી એનો સહજ લાભ વિશ્વને મળે છે.

આથી યોગ્યતા મેળવવા સેવા સાથે મૌન, એકાંત, અસંગતા આ અત્યંત જરૂરી સાધનો છે.

યોગ્યતા 'પાત્રતા' મેળવવા માટે વિશેષ આપ અમારા નવ સ્વાધ્યાય શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ-કોબામાં થયેલ તે અમારી **website www.gorakshapatra.org** પર સાંભળવાથી વિશેષ સ્પષ્ટતા થઈ જશે.

સર્વથા સહુ સુખી થાઓ એ ભાવ સાથે.

**- તંત્રી નિમિત્તમાત્ર રમેશ દોશી**

## ઘર સંસારમાં રહીને ભગવાનને પ્રસન્ન કરી શકાય

ભરતજી સ્રી, પુત્ર વગેરેનો ત્યાગ કરી વનમાં ગયેલા. ત્યાં પણ તેણે સંસાર ઊભો કર્યો. ભરતજી વનમાં ભૂલા પડ્યા. પ્રહ્લાદ દૈત્યો વચ્ચે રહી અનેક પ્રકારનું દુઃખ સહન કરી ઘરમાં ભક્તિ કરે છે.

ભાગવત સર્વને માટે છે. ઘર છોડીને તપશ્ચર્યા કરનાર માટે અને ઘરમાં રહેનાર માટે.

ભાગવતની કથા એ માર્ગદર્શક છે. એવું નથી કે ઘર છોડનારને જ ભગવાન મળે છે. ઘરમાં રહીને જો પવિત્ર અને સદાચારી જીવન ગાળે તો ઘરમાં રહ્યા છતાં ભગવાન મળે છે. પ્રહ્લાદજી ને ઘરમાં જ ભગવાનનાં દર્શન થયાં છે. ઘરનું વાતાવરણ પ્રતિકૂળ હતું, બાપ દુઃખ આપે છે, ઝેર આપે છે. તેમ છતાં પ્રહ્લાદ ઘરમાં જ ભજન કરી શક્યા છે. મનુષ્યે જીવનમાં લક્ષ્ય નક્કી કરવાની બહુ જરૂર છે. લક્ષ્યને ધ્યાનમાં રાખી બધો વહેવાર કરો. માનવ જીવનનું લક્ષ્ય છે પ્રભુની પ્રાપ્તિ. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પ્રહ્લાદ ભક્તિ કરી શક્યા છે, ત્યારે ઘર ભક્તિમાં બાંધક છે એમ માની ભરતજી ઘર છોડી વનમાં ગયા તો ત્યાં પણ ભક્તિ કરી શક્યા નથી. વનમાં ભરતજીની ભૂલ થઈ છે. હરણ બાળકમાં મન ફસાયું છે. જ્યાં જાવ ત્યાં આ પંચવિષયો સાથે આવે છે. ઘરમાં રહીને ભક્તિ કરવી હોય તો પ્રહ્લાદનો આદર્શ નજર સમક્ષ રાખો. ઘર છોડી વનમાં રહીને ભક્તિ કરવી હોય તો ભરતનું જીવન લક્ષમાં રાખો. કલિયુગ, મોબાઈલ, ટી.વી., કોમ્પ્યુટરને દોષ આપવો નહી.

**- શ્રી ડોંગરે મહારાજ, પ્રેષક : શ્રી રસિક શુક્લ**

# મહાત્મા ગાંધીનું અર્થશાસ્ત્ર

'ગાંધીજી મારા માટે આદર્શ વિભૂતિ છે, પણ હું ગાંધીવાદી નથી. મારા ખભા પર તો મારું જ માથું રહે, ગાંધીજીનું પણ નહીં.' આ વાક્ય છે પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક દાદા ધર્માધિકારીનું-પોતાની બુદ્ધિ ગીરવે મૂકવાની નહીં અને વિચાર કોઈના ઉછીના લેવાના નહીં - જેવું બૌદ્ધિક સ્વાતંત્ર્ય તેવી જ અનન્ય શ્રદ્ધા. ગાંધીયુગના આ દુર્લભ ગાંધીજનના પુત્ર ચંદ્રશેખર ધર્માધિકારીનું તાજેતરમાં અવસાન થયું. ચંદ્રશેખર ધર્માધિકારી એટલે મુંબઈ હોઈકૉર્ટના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ અને પદ્મભૂષણ સન્માનપ્રાપ્ત સર્વોદયી ગાંધીચિંતક. ગાંધીજીની પુણ્યતિથિ નિમિત્તે અને ચંદ્રશેખર ધર્માધિકારીને શ્રદ્ધાંજલિ રૂપે તેમના એક સુંદર લેખનો સારાનુવાદ આપી રહી છું.

આપણે એક ક્રૂર સમાજવ્યવસ્થામાં જીવીએ છીએ, જ્યાં વસ્તુની કિંમત હોય છે, મૂલ્ય નથી હોતું. આ મૂડીવાદી વ્યવસ્થા છે, જેમાં વસ્તુની વહેંચણી ખરીદશક્તિ પર આધાર રાખે છે, નહીં કે જરૂરિયાત પર. આનો અર્થ એ કે જો માણસમાં ખરીદશક્તિ હોય તો તેને બધું મળે, પછી એ તેના માટે જરૂરી હોય કે ન હોય. પણ જો માણસમાં ખરીદશક્તિ ન હોય તો તેને તેની જરૂરિયાતની ચીજ પણ ન મળે- ભૂખ્યો હોય તો ખાવાનું પણ ન મળે. આપણી સભ્યતાની વક્રતા એ છે કે વસ્તુઓ ખરીદી શકાય છે, છીનવી શકાય છે, સંગ્રહી શકાય છે, પણ ફક્ત 'જરૂર છે' એટલામાત્રથી તેને મેળવી શકાય તેવી કોઈ વ્યવસ્થા નથી. એટલે પછી જરૂરિયાતવાળો માણસ પાયાની સુવિધાઓથી પણ વંચિત રહી જાય છે. આ દુષ્ટતા નહીં તો શું છે ?

અલબત્ત ચેરિટી-દાન માટે અવકાશ છે. જેમની પાસે વધુ છે તેઓ જેમની પાસે ઓછું છે તેમનો ખ્યાલ કરીને ફરજરૂપે દાન કરે તો બંને પક્ષની ગરિમા સચવાય. પણ એમ થતું નથી, ઊલટાનું માનવગૌરવ હણાય છે, કારણ મૂડીવાદીઓએ દાનને શસ્ત્ર તરીકે પોતાની મિલકતો સલામત રાખીને ગરીબોનો સદ્ભાવ જીતવાના હથિયાર તરીકે અપનાવ્યું છે. તેથી જ ગાંધીજીએ ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત શોધ્યો અને સમાજપરિવર્તનના કીમિયા તરીકે લોકોને શીખવ્યો.

ગાંધીજીએ આપણને ક્રાંતિકારી પ્રતીકો આપ્યાં છે : ચરખો અને ઝાડુ. આજે ઉત્પાદન અને ઉપભોક્તા વચ્ચે કોઈ સંબંધ નથી રહ્યો અને અર્થવ્યવસ્થા પર બિન ઉત્પાદક સમૂહનું વર્ચસ્વ છે. ગાંધીજી આનો અંત લાવવા ઈચ્છતા હતા. ચરખો ઉત્પાદક શ્રમનું પ્રતીક છે, જે આપણને શ્રમના ગૌરવ પર રચાયેલી સમાજની વિભાવનાની સન્મુખ લઈ જાય છે અને ઝાડુ સમાનતાનું પ્રતીક છે. એ આપણને છેવાડાના, તરછોડાયેલા લોકો સાથે અનુબંધિત કરી આપે છે. આ જ અંત્યોદય છે અને આ જ આર્થિક વિકાસનો પાયો છે.

'સ્વદેશી'નો ગાંધી-અર્થ છે પાડોશી પ્રત્યે નિસબત. પાડોશી માટે ઉત્પાદન કરો - સ્થાનિક વપરાશ માટે ઉત્પાદન કરો તે સ્વદેશી. વેચાણ માટે ઉત્પાદન કરો તે મૂડીવાદ. ગાંધીજી માટે ખાદી અને ગ્રામોદ્યોગ એટલે ઉત્પાદનનું વિકેન્દ્રીકરણ અને જરૂરિયાત અનુસાર વસ્તુઓની વહેંચણી. ખાદી તેમના માટે રાષ્ટ્રીય એકતાનું ને માનવીય એકતાનું પ્રતીક હતી, ભારતની જનતાની સમાનતા અને સ્વતંત્રતાનું પ્રતીક હતી. તેથી જ નેહરુ ખાદીને 'ભારતીય સ્વાતંત્ર્યનો પોષાક' એવા કાવ્યાત્મક શબ્દોમાં વર્ણવતા. ગાંધી માટે ખાદી એક સૂર્ય જેવી હતી, જેની આસપાસ બીજા ગ્રામોદ્યોગો ગ્રહોની જેમ ફરતા હોય. પ્રાપ્ત આંકડા અનુસાર આજે પણ સાઠ લાખથી વધુ લોકો ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા રોજીરોટી રળે છે. ભારતનો દરેક નાગરિક જો વરસમાં એકાદ જોડી ખાદીનાં વસ્ત્રો ખરીદે તો એક કરોડ લોકોને રોજીરોટી મળે આજે જ્યારે બેકાર યુવાશક્તિ હિંસા અને વિધ્વંસના માર્ગે વળી રાષ્ટ્રના તાણાવાણા ઢીલા કરી રહી છે, ત્યારે ફરી એક વાર ખાદી વિશે વિચારવું જોઈએ તેમ નથી લાગતું ? ખાદી મોંઘી છે એ માન્યતાને હું ખોટી એટલા માટે કહું છું કે ખાદી કિંમતપ્રધાન કરતાં મૂલ્યપ્રધાન વિશેષ છે. ઉપરાંત, જેમાં શોષણ વધુ હોય તે ઉત્પાદન હંમેશા સસ્તું હોવાનું.

ગાંધીજીની અર્થવ્યવસ્થાના કેન્દ્રમાં માણસ છે. તેમને માટે દરેક પ્રવૃત્તિનો માપદંડ મનુષ્ય છે. તેમને માટે ઉત્પાદનની નહીં, ઉત્પાદકોની વિપુલતા મુખ્ય છે. તેઓ યંત્રોની વિરુદ્ધ ન હતા, તેમનો ચરખો એક યંત્ર જ હતું. ઓજારોનો ઉપયોગ સ્નાયુઓના 'એક્સટેન્શન' તરીકે થવો જોઈએ. યંત્રો કે ઓજરો માનવશક્તિનો વિકલ્પ નહીં પણ વિસ્તરણ છે. ચશ્માં જો આંખને બદલે વાપરવા જઈએ તો સમૂળગી દ્રષ્ટિ જ જતી રહેશે. મનુષ્ય તંત્રજ્ઞાનથી મોટો છે, તંત્રજ્ઞાન મનુષ્યથી મોટું નથી.

ગાંધીજીના અર્થશાસ્ત્રમાં પ્રાણીઓ અને પ્રકૃતિને પણ આદરપૂર્વકનું સ્થાન છે. યોજનાઓ એવી હોવી જોઈએ જે પર્યાવરણ સાથે હળીમળીને ચાલે. તેમના મતે પ્રકૃતિ જનની છે અને પ્રકૃતિના સર્જનો સાથી. પ્રાકૃતિક સ્રોતો જેમ ફાવે તેમ વેડફવા માટે નથી. પ્રકૃતિ આપણી દુશ્મન

નથી કે તેના પર વિજય મેળવવાનો કે તેના રસકસ ચૂસી લેવાનો હેતુ રાખીએ. પ્રકૃતિ સાથેના સંવાદથી જ જીવન વધુ સમૃદ્ધ ને મહત્ બને.

ગાંધીજીની અહિંસાના સિદ્ધાંતના મૂળમાં પણ આ જ છે - મનુષ્ય મનુષ્યનું શોષણ ન કરે, મનુષ્ય પ્રકૃતિનું શોષણ ન કરે. 'જીવો અને જીવવા દો' તેટલું જ તેમને માટે પૂરતું ન હતું, તેમને જોઈતું હતું, 'જિવાડીને જીવો' ગાંધીજીની અહિંસા કોઈ નિષ્ક્રિય વિભાવના નથી. તે જીવંત, રસપૂર્ણ, સક્રિય ઊર્જા છે. ગરીબનું, ગામડાનું, ગ્રામોદ્યોગનું શોષણ કરવું તે સુવ્યવસ્થિત, સુનિયોજિત હિંસાથી વિશેષ કશું નથી. માર્ટિન લ્યૂથર કિંગે સાચું જ કહ્યું છે, 'આજનું તંત્રજ્ઞાન મનુષ્યને સુવિધાઓ આપી શક્યું છે, પણ મનુષ્યત્વને નવી ઊંચાઈ આપી શક્યું નથી, કારણ કે ફક્ત ભૌતિક વિકાસ છેવટે પોતે જ પોતાના અંતનું નિમિત્ત બને છે અને નૈતિક હેતુઓ વિના મનુષ્ય પોતાની જ નજરમાં વામણો ઠરે છે.'

ગાંધીજી ઉત્પાદન અને માલિકીની આખી રચના પાયાથી જ બદલવા માગતા હતા. આજની પદ્ધતિમાં જોવા મળતી વ્યાપારીકરણ અને રાષ્ટ્રવાદની માનવસંબંધો પરની સરસાઈમાથી તેમને મુક્તિ જોઈતી હતી.

આમ, ગાંધીજીના અર્થશાસ્ત્રના પાયાના સિદ્ધાંતો હતા સાદગી, અહિંસા અને માનવશ્રમનું ગૌરવ. તેઓ યંત્ર-ઘેલછાની વિરુદ્ધ હતા કેમ કે તેનાથી થતાં વિપુલ ઉત્પાદનને લીધે માણસની રોજીરોટીની તક છીનવાઈ જાય છે. આળસ અને બેકારીને દૂર કરવા માટે માનવશ્રમ બચાવતાં સાધનો કરતાં કામકાજની તકોની ઉપયોગિતા વધારે છે એવો તેમનો તર્ક આપણા દેશના સંદર્ભે કેટલો ઉપયુક્ત છે તે સ્પષ્ટ છે. ગાંધીજીની યોજનાઓ શાંતિ, સલામતી અને વિકાસ માટે હતી - યુદ્ધ કે શોષણ માટે નહીં. રાષ્ટ્રની સંપત્તિ તેઓ વધારવા માગતા હતા, પણ મનુષ્યને માટે, મનુષ્યના ભોગે નહીં.

'ગાંધી દોઢસો' નિમિત્તે ઠેર ઠેર મહાત્મા ગાંધી કેટલા પ્રસ્તુત છે તે ચર્ચાઈ રહ્યું છે. ભારતમાં આઠ કરોડથી વધારે લોકો ગરીબી રેખાની નીચે જીવી રહ્યા છે ત્યારે ગાંધીજીના અર્થશાસ્ત્ર વિશે એક વાર વિચાર કરી લેવાનો સમય આવી ગયો છે.

**- સોનલ પરીખ, સૌ. જન્મભૂમિ પ્રવાસી.**

**ગાવો વિશ્વસ્ય માતર્ઃ**

## બાળકો માટેની ચિંતનની પળો

૧. હું બાળકને તેની ભૂલો માટે માર મારવા ઈચ્છતો નથી કેમકે શારીરિક દુ:ખ એ સૌથી મોટી શિક્ષા છે એવું તેઓ જાણે છે એ મને પસંદ નથી.

૨. એક માતાએ જાણીતા શિક્ષણકારને પૂછ્યું, ''મારા બાળકને કંઈ ઉંમરે શિક્ષણ આપવાનું શરૂ કરવું જોઈએ? એની ઉંમર હાલ ૪ વર્ષની છે.'' શિક્ષણકારે ઉત્તર આપ્યો- તમે ત્રણ વર્ષ ગુમાવ્યા છે. માસુમ બાળકના ગાલ ઉપર સૌ પ્રથમ સ્મિત ફરકે - ચમકે ત્યારે તમારે શિક્ષણની શરૂઆત કરી દેવી જોઈએ.

૩. આપણે બાળકોની કેળવણીની વાતો કરીએ છીએ પરંતુ ખરેખર તેઓ આપણને કેળવી રહ્યા છે. તે આપણે જાણીએ છીએ?

૪. સમગ્ર જગતના બાળકો એકઠા કરો. તમને એમનામાં નિર્દોષતા, સજ્જનતા અને ભય સિવાય બીજુ કાંઈ જણાશે જ નહી. જો તેઓ દુષ્ટ અને ક્રુર જ જનમ્યાં હોત તો એની કોઈ નિશાની તો જોવા મળત ને? જેમ સાપના કણાને જન્મતા જ કરડવા દોડે છે અને વાઘના બચ્ચા પંજાથી શિકાર કરવાની ચેષ્ટા કરે એમ.

૫. બાળકોને ભૂતકાળ કે ભાવિ હોતા નથી. પણ આપણે જેનો ભાગ્યે જ ઉપયોગ કરી શકીએ છીએ તે વર્તમાનમાં તેઓ રાચે છે.

૬. પ્રશંસાની જે અસર બાળક ઉપર થાય છે એવી બીજા કશાની અસર થતી નથી.

૭. બાળકને કેળવણી આપવાની શરૂઆત એના દાદા-દાદીને કેળવણી આપવાથી કરવી જોઈએ.

૮. ફાટેલ ખમીસ સાંધી શકાય પણ કઠોર વચનથી બાળકના હૃદયમાં જે ઉઝરડાં પડે તે રૂઝવવા મુશ્કેલ છે.

૯. ઘણાં સંતાન-ઘણી ચિંતા, એકે નહી - આનંદ નહી

૧૦. બાળકો મહાન નિરિક્ષકો હોય છે. તમારી નાનામાં નાની ભૂલ પણ એ પકડી પાડે છે.

૧૧. બાળકો માંગે તે નહી, ઘટે તે આપો.

**- પ્રેષક : ચીમનભાઈ પુંજાભાઈ પટેલ, તારાપુર**

**।। સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો,<br>સર્વત્ર દિવ્યતા વ્યાપો,સર્વત્ર શાંતિ વિસ્તરો।।**

## બધામાં આપવાની ક્ષમતા છે.

સન્માન કોનું કરવું જોઈએ? દશરથ જો પુણ્યશ્લોક હોય તો એના દીકરા રામ તો ઉત્તમશ્લોક છે. તો એ ઉત્તમશ્લોક રામે રામરાજ્યની સ્થાપના પછી, છ મહિના પછી કોનાં સન્માન કર્યાં એનાં ખાલી નામ હું કહી દઉં. પછી આપ આપની બુદ્ધિથી એનો વિચાર કરજો. છ મહિના પછી પોતાના મિત્રોને રામે જ્યારે વિદાય આપી ત્યારે એક નાનકડો સન્માન સમારંભ યોજ્યો છે. એમાં ભગવાન રામે સુગ્રીવને બોલાવ્યો અને પોતાના હાથે વણેલું વસ્ત્ર સુગ્રીવને પહેરાવ્યું. એ જ્યારે હું જોઉં ત્યારે મને એમ લાગે કે ખાદી ત્યારેય હતી! તે દિવસે પણ સૂતર કંતાતું હતું. પણ પ્રભુએ પોતાના હાથે અથવા તો ભરતે પોતાના હાથે તપસ્વીનું જીવન જીવતી વખતે જે વસ્ત્ર વણ્યું હતું, ભગવાન રામે એ વસ્ત્ર આપીને સુગ્રીવનું સન્માન કર્યું. એ વસ્ત્ર નહોતું. એ વૃત્તિ હતી. એ વસ્ત્ર નહોતું, એ વિચાર હતો. અને એક વિચાર દ્વારા એમણે એક વિષયી જીવનું સ્વાગત કર્યું કે દુનિયામાં ગમે તેવો માણસ હોય પણ એને સુસંગ મળે તો એ ક્યાંનો ક્યાં પહોંચી શકે!

વિભીષણનું સ્વાગત ભગવાને કર્યું. પણ વિભીષણને તો શું આપે? એને તો સોનાની લંકા મળી ગઈ છે. તો વિભીષણને ભગવાન શું આપે? વિભીષણનું સન્માન કરતી વખતે રામે એમ કહ્યું કે વિભીષણ, તું લંકામાં રહીને તારું ઉત્તરદાયિત્વ નિભાવતાં નિભાવતાં અયોધ્યાની યુદ્ધ ન કરવાની વૃત્તિને યાદ રાખજે. તને સત્તા અને સોનું બંને મળી ગયાં છે. અને એ વખતે યુદ્ધવૃત્તિ તારામાં ન આવવી જોઈએ. અયોધ્યાનો અર્થ જ એવો થાય છે, જ્યાં યુદ્ધ નથી એનું નામ અયોધ્યા. અયોધ્યામાં ક્યારેય કોઈએ હથિયાર ઉપાડ્યું નથી. હા, ભરતજીએ હનુમાનજીને બાણ માર્યું પણ અયોધ્યાની બહાર નંદિગ્રામમાં. જ્યારે હનુમાનજી સંજીવની લઈને જતા હતા. ભરતને લાગ્યું કે આ કોઈ અસુર જાય છે. અને કદાચ જ્યાં રામ હોય ત્યાં એને વિક્ષેપ કરશે એટલે એણે બાણ માર્યું છે પણ અયોધ્યાની બહાર. રામજીએ બાણનો ઉપયોગ કર્યો છે પણ વિશ્વામિત્રની સાથે જ્યારે યજ્ઞરક્ષા માટે નીકળ્યા ત્યારે, અયોધ્યાની સીમાની બહાર ગયા ત્યારે તાડકા નામની આસુરીવૃત્તિને બાણ માર્યું. અયોધ્યામાં કોઈએ હથિયાર ઉપાડ્યું જ નથી સાહેબ! હા, હાથ ઉપાડ્યો છે અયોધ્યામાં કારણ કે મંથરાને જોઈને શત્રુઘ્ન મહારાજે જરાક એકાદ થપાટ મારી દીધી છે. આટલા પૂરતી જ. બાકી વિભીષણનું સન્માન આ વિચારથી કરાયું કે તને સત્તા મળી છે; તને સોનું મળ્યું છે. તારી પાસે આજે શું નથી? એટલે આ બધાના નશામાં તું હવે હિંસા ન કરતો. પછી એક સન્માન કર્યું અંગદનું. વાલીનો પુત્ર અંગદ. એને ભગવાને કંઈ ન આપ્યું. પોતાના ગળામાં ફૂલની માળા હતી એ માળા ઉતારીને વાલીપુત્ર અંગદને પહેરાવી. અને પ્રભુએ કહ્યું કે આ માળા હું જેને પહેરાવું છું ને એનો પરાજય નથી થતો. માટે આ માળા પહેર્યા પછી તારો પરાજય ન થાય. પરંતુ એ વિજયનો અહંકાર કોઈ દિવસ તારા બાપની જેમ રાખતો નહીં. આમ એનું એક જુદા વિચારથી સન્માન કર્યું.

ચોથું સન્માનિત પાત્ર છે કેવટ. આદિવાસી વિસ્તારમાં કામ થાય છે. છેલ્લા માણસ સુધી જવાની જે પ્રવૃત્તિ ચાલે છે એવો એક છેલ્લો માણસ. ઉપેક્ષિત વંચિત સમાજથી બિલકુલ તિરસ્કૃત એવો એક નિષાદ, એક કેવટ. ભગવાન એને કંઈ નથી આપતા. અંતિમ વ્યક્તિને તમે કપડાં આપો, આપવાં જોઈએ, એને મકાન બાંધી આપો. આપણી ફરજ છે. એને રોટી મળવી જોઈએ. આપણે કરવું જોઈએ. પરંતુ એ બધાં કરતાં એને જરૂર છે કે કોઈ એનો સ્વીકાર કરે. કોઈ એને અપનાવે. હું ને તમે એને કંઈક આપીએ અને ફોટો પડાવીને નીકળી જઈએ! ઠીક છે, સારું છે. એનાથી પણ લોકોને પ્રેરણા મળશે.

...પણ રામે આ એક નિષાદને, આ વંચિતને, ઉપેક્ષિતને, સમાજની આખરી વ્યક્તિને કશું નથી આપ્યું. નહીંતર એને કંઈક આપવાની જરૂર હતી. સુગ્રીવને આ આપ્યું. વિભીષણને આ વિચાર આપ્યો. પણ આવા છેલ્લા માણસ પાસે જઈ પ્રભુએ કાંઈ આપ્યું નહીં. એની પાસે મળ્યું. એનો અર્થ એમ છે કે કોઈ માણસ આ સમાજમાં પોતાની જાતને એવી નિમ્ન ન સમજે કે હું કોઈને કંઈ નથી આપી શકતો. આપવાની વૃત્તિ જાગે તો બધામાં આપી શકવાની ક્ષમતા છે. ઈશ્વર પણ ભીખ માગી શકે એવું આપણે આપી શકીએ. વૃત્તિ આપવાની જોઈએ.

એક વૃત્તિ પેદા થઈ છે એ આપવું. ઉપર હાથ રાખવાનો જે એક વિચાર પ્રગટ થયો છે; એ વિચારનું સન્માન રામ અહીંયા કરી રહ્યા છે કે કેવટ, હું તને કંઈ નહીં આપી શકું. કેવટે પોતે જ કહ્યું છે ગંગાને કિનારે જ્યારે રામ મુદ્રિકા આપવા ગયા ત્યારે કે 'નાથ આજુ મેં કાહ ન પાવા.' મને આજ શું નથી મળ્યું? એક વંચિત બોલ્યો છે. મને આજ બધું જ મળી ગયું છે મહારાજ! એટલે હું કંઈ નહીં લઉં. તો સન્માન કોનું થાય સમાજમાં? આપવાની વૃત્તિ અને એવા વિચારનું સમાજમાં સન્માન થાય.

**- મોરારિ બાપુ, માનસ દર્શન**

# આપણો રાષ્ટ્રવાદ દંભ તો નથી ને?

સ્વદેશીનાં ઘોંઘાટની સાથે જ એક બીજો કોલાહલ પણ હમણાં હમણાં શરૂ થયો છે. વાત-વાતમાં પશ્ચિમની ટીકા કરવાની, એને ઉતારી પાડવાની ફેશન શરૂ થઈ છે. આજ-કાલ સમારંભોમાં જે ઉદઘોષકો સમારંભનું સંચાલન કરતા હોય છે, એ વારંવાર બે વાક્યો બોલતાં હોય છે. 'પશ્ચિમની સંસ્કૃતિ એ દ્રાક્ષની સંસ્કૃતિ છે, અને આપણી સંસ્કૃતિ રુદ્રાક્ષની સંસ્કૃતિ છે.' ક્યારેક આનું અંગ્રેજી કરીને કહેવામાં આવે છે કે 'પશ્ચિમની સંસ્કૃતિ વાઈનની સંસ્કૃતિ છે, અને આપણી સંસ્કૃતિ એ ડિવાઈનની સંસ્કૃતિ છે.'

ક્યારેક નિર્મમ અને કઠોર બનીને આપણે આપણી જાતને કેટલાક પ્રશ્નો પૂછવા જોઈએ. પશ્ચિમની સંસ્કૃતિ જો વાસ્તવમાં દ્રાક્ષની એટલે કે દારૂની સંસ્કૃતિ હોય તો છેલ્લી સદીમાં ત્યાંથી આટલી જબરદસ્ત શોધખોળો થઈ હોત ખરી? વિજ્ઞાન અને ટેકનોલોજીએ જે એક પછી એક ચમત્કારો આ સદીમાં સર્જ્યા છે, એમાંથી મોટાભાગના પશ્ચિમમાંથી જ આવ્યા છે. ટેલિફોનની શોધ તો વર્ષો પહેલાં થઈ ગયેલી, પણ એમાં કોર્ડલેસ, મોબાઈલ, પેજર એમ અવનવી ટેકનોલોજી ઉમેરાતી જ ગઈ, અને હવે એનું અદ્યતન સ્વરૂપ સેટેલાઈટ ટેલિફોનરૂપે આવી ગયું છે. આ ટેલિફોનની મદદથી દુનિયાના કોઈપણ ભાગમાંથી બીજા ભાગમાં વાત થઈ શકે છે. આવી અજબ-ગજબની શોધખોળ કઈ રીતે શક્ય બને છે? જે પ્રજા શરાબ અને સુંદરીરૂપી ઐયાશીમાં શક્તિ વેડફી દેતી હોય એ સાચી ટેકનોલોજી કેમ વિકસાવી શકે? સાચી વાત તો એ છે કે આવી એક એક શોધ પાછળ ૭૦-૮૦ વર્ષ જેટલો સમય જાય છે. અને એ પછી જે શોધ થાય છે એ આપણને એટલે કે બાકીની દુનિયાને તો તૈયાર એટલે કે વગર મહેનતે મળી જાય છે. પણ, આપણે આવી તનતોડ મહેનત અને દિમાગી કસરત દ્વારા મળેલી ભેટ બદલ પશ્ચિમનો આભાર માનવાને બદલે રાત-દિવસ એની ટીકા કરીએ છીએ. ખૂબીની વાત એ છે કે પશ્ચિમમાં કોઈપણ નવી શોધ થાય એટલે તરત આપણે ત્યાં એ આવી જાય છે. પણ, એ શોધનો ઉપયોગ કરતાં કરતાં પણ આપણે એ શોધ કરનાર પુરુષાર્થીઓને બિરદાવવાની જરા જેટલી તસ્દી લેતા નથી.

એવો જ બીજો ભ્રમ પણ આપણે ત્યાં સતત ફેલાવવામાં આવે છે. આ ભ્રમ એ છે કે પશ્ચિમની સંસ્કૃતિ ભૌતિકવાદી છે, અને આપણી સંસ્કૃતી આધ્યાત્મિક છે, અને પશ્ચિમનો આ ભૌતિકવાદ આપણા આધ્યાત્મિક વારસાને નષ્ટ કરી દેશે. આવો પ્રચાર કરનારા પણ એ વાત ભૂલી જાય છે કે આપણી આટલી વિશાળ વસતીમાંથી માંડ દસ-પંદર ટકા વસતી જ ખાધેપીધે સૂખી છે. એમાં પણ માંડ બે-ત્રણ ટકા લોકો જેને ખરા અર્થમાં કહીએ એવી ભૌતિક સુખસગવડો માણે છે. બાકીની મોટા ભાગની વસતી તો દૂર ગામડાંમાં અને પહાડીઓમાં અને આદિવાસી પ્રજા જંગલોમાં વસે છે. આપણાં લાખો ગામડામાં પીવાનું પાણી મળતું નથી. રસ્તાનાં ઠેકાણાં નથી. વીજળી કાં તો હોતી નથી, અને હોય છે તો પણ અડધો દિવસ પુરવઠો બંધ હોય છે. આ પ્રજાને ભૌતિકવાદ કોને કહેવાય એની જ ખબર નથી. થોડા મોટા શહેરોમાં, કલબોમાં પશ્ચિમી નાચગાન થતાં જોઈએ અને પાર્ટીઓમાં વૈભવ છલકાતો જોઈએ. એનાથી એવું તારણ કાઢી ન શકાય કે ભૌતિકવાદે આપણા પર આક્રમણ કર્યું છે. આવાં બે-પાંચ શહેરો એ સમગ્ર દેશ નથી.

આધ્યત્મિકતાનો એક પાયો નૈતિકતાનો છે. આ દ્રષ્ટિએ પણ આપણે જાતતપાસ કરીએ ત્યારે ઘોર નિરાશા સિવાય કંઈ નહીં સાંપડે. આપણાં નૈતિકતાના ધોરણો અત્યારે તળિયે જઈ બેઠાં છે. વ્યાપક ભ્રષ્ટાચાર ઉપરાંત મોટા પાયે કરચોરી આપણાં રાષ્ટ્રીય દૂષણો છે. નિયમભંગ તો આપણે બહાદુરી સમજીએ છીએ. આપણું બાળક શાળા-કોલેજમાંથી જ પરીક્ષામાં ચોરી કરીને બહાર આવે છે. આટલી હદે નૈતિક મૂલ્યોનું પતન થયું હોય ત્યાં આધ્યાત્મિકતા કેવી ને વાત કેવી?

પશ્ચિમના દેશોએ આ સદીમાં વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે જે હરણફાળ ભરી છે, એને લીધે એમને જ નહીં, પણ સમગ્ર વિશ્વને ફાયદો થયો છે. કોઈપણ શોધ થાય કે તરત આખી દુનિયામાં ફેલાઈ જાય છે. સિનેમા આવ્યું અને વિશ્વભરમાં ફેલાઈ ગયું. રેલવે ટ્રેઈન ભલે શોધાઈ યુરોપમાં, પણ આજે આખી દુનિયાની પ્રજા એનો લાભ લે છે. એવું જ વિમાનસેવા, ટેલિફોન, ટેલિવિઝન એ બધાના વિશે કહી શકાય. આ શોધખોળો ન થઈ હોત તો આજે પણ માનવજાત બળદગાડામાં પ્રવાસ કરતી હોત અને ટાઢ, તડકો વેઠતી હોત, પશ્ચિમની પ્રજા મોજમજા કરે છે. પણ સાથે સાથે પ્રચંડ પુરુષાર્થ પણ  કરે છે. બંને બાબતમાં એ પ્રજા નિર્દંભ છે અને ખુલ્લી છે. આપણે ત્યાં પણ બધી જાતનાં દૂષણો છે, પણ એ પડદા પાછળ થાય છે, અને બહાર દંભ નૈતિકતાનો થાય છે. હવે એવું નથી કે આપણે ત્યાં બધુ ખરાબ છે અને પશ્ચિમમાં બધું સારું છે. પશ્ચિમમાં પણ

સમસ્યાઓ છે. જ્યાં માણસ હોય ત્યાં થોડાંઘણાં દૂષણો હોવાનાં જ. દુનિયાનો કોઈ દેશ પૃથ્વી પર સ્વર્ગ ઉતારી શક્યો નથી. પણ, પશ્ચિમના દરેક નાગરિકને જીવનની પાયાની જરૂરિયાતો મળી રહે છે. દરેક માણસને ઊંચી આરોગ્ય સેવા મળે છે, ઉપરાંત, નૈતિકતા અને પ્રામાણિકતાના ઊંચામાં ઊંચા ધોરણો ત્યાં છે એની કોઈ ના પાડી શકે તેમ નથી.

દરેક પ્રજાને પોતાની સંસ્કૃતિ અને સભ્યતાનું ગૌરવ હોય છે અને એ હોવું જ જોઈએ. આપણી સંસ્કૃતિમાં પણ કેટલાક મહાન અંશો છે. જેનો ગર્વ આપણે જરૂર લઈએ. પણ, એની સાથે આપણી પહાડ જેવી નબળાઈઓ અને દોષો પણ છે. એને ઢાંકી દેવાથી કે એના પર દંભનો પડદો પાડી દેવાથી સત્ય ઢંકાઈ નહીં જાય. આપણે આપણી સિદ્ધિઓ બદલ જરૂર ગર્વ લઈએ પણ, સાથે સાથે આપણે નબળાઈઓનો એકરાર કરીએ અને એને દૂર કરવાના સાચા દિલના પ્રયત્નો કરીએ. એમ નહીં કરીએ તો આપણું પતન હજી ચાલુ જ રહેશે.

આપણામાં દોષ છે એમ સ્વીકારશું તો દોષ દૂર થવાની શક્યતા રહેશે. પણ, શરીરમાં અસાધ્ય રોગ હોય અને છતાં આપણે બિલકુલ તંદુરસ્ત છીએ એવો દેખાવ કરતા રહીએ તો રોગ વકરી જાય. જેમ અહંકાર વ્યક્તિનું પતન નોતરે છે એમ સમાજનું કે પ્રજાનું પણ પતન નોતરી શકે. આપણે આપણી સંસ્કૃતિનાં ગુણગાન જરૂર ગાઈએ, પણ એને માટે બીજી સંસ્કૃતિઓને કે બીજી પ્રજાઓને ઉતારી પાડવાની જરૂર નથી.

**- યાસીન દલાલ, સૌ. ગુજરાત સમાચાર.**

## નૈતિક મૂલ્યો આધારીત વિકાસ

મારો પુત્ર અમેરિકામાં એન્જીનીયરીંગના બીજા વર્ષ (૧૪ મા ધોરણ) માં અભ્યાસ કરે છે. એ હમણાં નાતાલ વેકેશનમાં ભારત આવ્યો છે. મેં પુછ્યું ''ફાઈનલ પરિક્ષા કેવી ગઈ?'' ''બહુ સરસ'' એણે જવાબ આપ્યો. વાતવાતમાં એણે કહ્યું કે ''આ વખતે એક વિષયમાં વિદ્યાર્થીઓ વધારે હતા એટલે એની પરિક્ષા અલગ અલગ સમયે લેવાઈ. મારી પરિક્ષા સવારમાં હતી તો બીજા બેચના વિદ્યાર્થીઓની પરિક્ષા સાંજના સમયે હતી.'' મેં એને કુતુહલતાથી પુછ્યું ''તો પછી બન્ને બેચીસ માટે અલગ અલગ પેપર હશે ને?'' ''નહીં, પરિક્ષાનું પેપર સરખું હતું'' એણે સાહજિકતાથી કહ્યું મને આશ્ચર્ય થયું અને પુછ્યું ''એ કેવી રીતે બને? અગર પેપર સરખાં હોય તો સાંજે પરિક્ષા આપનાર વિદ્યાર્થીઓને તો આખું પેપર મળી જાય અને એમને તો ૧૦૦% માર્કસ આવે. આ તો બરાબર ન કહેવાય.'' મારા પુત્રે જવાબ આપ્યો ''આટલી પ્રમાણિકતા ત્યાં સહજ છે. કોઈ પણ પહેલા બેચનો વિદ્યાર્થી બીજાને પેપર લીક ન કરે. અને કોઈ પહેલા બેચનો વિદ્યાર્થી પેપર કે એમાં પુછાયેલ પ્રશ્ન આપવાની કોશીશ પણ કરે તો બીજા બેચના વિદ્યાર્થીઓ એ લે નહીં.'' દાખલો આપતા એણે કહ્યું ''મેં એક મારા ખાસ મિત્ર, અમેરિકન વિદ્યાર્થી (જેને આ વિષયમાં પાસ થવા ફાઈનલ Exam માં અમુક માર્કસ જોઈતા જ હતા) ને મદદની ઓફર કરી તો એણે ના પાડતા કહ્યું કે ''I will manage myself''

આ નાનકડા પ્રસંગે મને મનોમંથન કરતા કરી મુક્યો. પ્રમાણિકતા, નીતિમત્તા અને નૈતિક મૂલ્યો સ્કુલ અને કોલેજના દિવસોથી જ ગળથુથીમાં હોય એ લોકોનો દેશ સુખી, સમૃધ્ધ અને મહાન કેમ ન બને? પશ્ચિમી કે જાપાન જેવા દેશોને સમૃધ્ધિ વારસામાં નથી મળી એમણે મેળવી છે. આપણી ઘણી સારી વસ્તુઓ જેવી કે યોગ, આયુર્વેદ કે અંકશાસ્રને સાહજિકતાથી અપનાવી છે જ્યારે આપણે બીજા દેશોની સંસ્કૃતિને હંમેશા ખરાબ માનીને એમની ઘણી સારી વસ્તુઓને નથી અપનાવી.

આપણી મહાન સંસ્કૃતિ ક્રિયાકર્મ, મંદિરો કે પુતળા બનાવવા સુધી સીમિત રહી ગઈ છે. પ્રમાણિકતા, નીતિમત્તા, ચારિત્ર કે નૈતિકતા ક્રિયાકાંડના શોરમાં ઢંકાઈ ગયા છે. શિતળાનો રોગ થાય તો શિતળા માતાના મંદિરો બનાવ્યા, તો કાલી ખાંસી માટે વૃક્ષોને દોરા-ધાગા બાંધ્યા. જ્યારે બીજા દેશોએ રોગો કયા વાયરસ કે જીવાણુથી થાય છે તે શોધી એની દવાઓ બનાવી. વિજ્ઞાન ટેકનોલોજી દવા વગેરે ક્ષેત્રોમાં ભારતીયોના નામે ઘણી શોધો છે. જ્યારે ભારતના નામે કંઈ ખાસ નથી. નૈતિક મૂલ્યો, ગુણો અને ચારિત્ર કરતા સંપત્તિ અને સત્તાને માનનાર સમાજ પૈસા પાછળ આંધળી દોટ લગાવે છે જે લાંબે ગાળે ઘાતક સિધ્ધ થાય છે. ભૌતિક સુખો, પૈસાનું પશ્ચિમી જીવનમાં ખૂબ જ મહત્વ છે પરંતુ તેની સાથે જીવનમૂલ્યો, શિસ્ત, ચારિત્ર વગેરેને પણ એટલું જ મહત્ત્વ આપવામાં આવે છે. બીજાની સંસ્કૃતિને સતત વખોડવા કરતાં પ્રમાણિકતા માટે પોતાની આખી ટર્મ દાવ પર લગાવનાર વિદ્યાર્થીઓ જ્યાં રહેતા હોય એવા દેશો પાસેથી કંઈક સારું શીખીએ અને અપનાવીએ તો ખરાં અર્થમાં સ્વસ્થ અને સમૃધ્ધ સમાજનું સ્વપ્ન સાકાર થાય.

**- સંકલન : CA સુધીર ભેદા,**
**સૌ. ક.વિ.ઓ. ખબર પત્રિકા**

# અંગ દાન

આ એક પ્રશ્ન એવો છે કે તે દરેકને ચોંકાવનારો છે. દરેક ઈચ્છે છે કે તેમના અંતિમસંસ્કાર ધામધૂમથી થાય. લોકો મૃત્યુ પર અફસોસ વ્યક્ત કરે તેમને શ્રદ્ધાંજલિ આપે. તેમના ગુણગાન ગાવામાં આવે. કેટલાક તો સમાજસેવી સંગઠનોને પોતાની જમીન મિલકત દાનમાં આપે છે કે જેથી સમાજમાં સારા કાર્ય થતા રહે.

અધિકતર લોકો પોતાના વસિયતનામામાં લખે છે કે નેત્રદાન કરવામાં આવે. આ કાર્ય માટે કુટુંબીઓએ સતર્ક રહેવું પડે છે, કારણ કે મૃત્યુ બાદ એક ચોક્કસ સમયમાં નેત્રનું દાન થઈ જવું જોઈએ. જો તેમ ન થાય તો તે નેત્ર અન્યને કામમાં આવતા નથી.

કોઈ અંધ વ્યક્તિના જીવનમાં ઉજાસ પાથરવો તે બહુ મોટી બાબત છે. નેત્રદાનનો પ્રચાર બહુ થઈ રહ્યો છે. પ્રભાવી પ્રચાર છે. નેત્રદાન - રક્તદાન - વગેરે માટે દરેક જિલ્લા અને વિસ્તારમાં સામાજિક સંસ્થા સક્રિય છે. રક્તદાન માટે બ્લડ બેન્ક આવશ્યક છે.

એક અગ્રગણ્ય અખબારમાં એક અહેવાલ પ્રસિદ્ધ થયો હતો તેમાં શીર્ષક હતું 'જિંદગી પછી પણ જિંદગી' તેમાં ૩૬ વર્ષના મુન્શી મનસુરીની સંવેદનાશીલ વાત જણાવવામાં આવી હતી.

કેટલાક વર્ષથી કિડનીની બીમારી ભોગવતા મનસુરીને નવી કિડની ઉપરાંત એક નવા મિત્ર પણ મળ્યા હતા. ૨૦૦૮માં ડૉક્ટરે બતાવ્યું કે તેની કિડની ખરાબ થઈ ગઈ છે. કેટલાક મહિના ડાયાલિસીસ કરવામાં આવ્યું હતું. તેમની ૩૩ વર્ષની પત્ની રઝિયા મનસુરી ડાયાલિસીસ માટે સાથે જતી હતી.

ત્યાં તેમની મુલાકાત બોરીવલીના દીનેશ સાંગાણી સાથે થઈ હતી. બંનેના બેડ હોસ્પિટલમાં બાજુ બાજુમાં હતા. વાતચીતમાં માલૂમ પડ્યું કે બંનેની પત્નીના બ્લડ ગ્રુપ એકબીજા સાથે મળે છે. તેમણે બંનેએ એકબીજાની કિડની આપવા નિર્ણય કર્યો. મનસુરીનું રક્ત ગ્રુપ એ પોઝિટિવ હતું. જ્યારે પત્ની રઝિયાનું બી પોઝિટિવ હતું. દીનેશ સાંગાણીનું બ્લડ ગ્રુપ બી પોઝિટિવ અને તેમના પત્નીનું એ પોઝિટિવ હતું.

આ પ્રકારે મનસુરીને ડિમ્પલ સાંગાણી અને દિનેશને રઝિયા મનસુરી પોતાની કિડની આપી શકે. મેડિકલ સ્તર પર બંનેને લીલીઝંડી મળી ગઈ હતી. આ રીતે બંનેએ નવી જિંદગી મેળવી હતી. બે ઘર વિખેરાતા બચી ગયા. ધર્મની દીવાલ અહીં આવી નહોતી. બંને પરિવારમાં આનંદની છોળ ઉડી હતી. જો આવું ન બન્યું હોત તો તેઓ બચી શક્યા હોત ?

માનવતાનો સંબંધ અહીં કાયમી બન્યો હતો. એક વાત સિદ્ધ થાય છે કે શરીરના અંગનું જો ડૉક્ટરની સલાહ અનુસાર દાન થાય તો અસંખ્ય વ્યક્તિ બચી શકે છે. મનુષ્યનો બાહ્ય ધર્મ ગમે તે હોય, પરંતુ માનવતા મોટો ધર્મ છે. વ્યક્તિ હિન્દુ કે મુસલમાન કોઈ પણ હોય શકે છે, પરંતુ તેનું રક્ત ધડકતું હૃદય તો એક જ છે.

જો એકબીજા સાથે આવા અવયવનું આદાન-પ્રદાન થાય તો વિશ્વમાં અસંખ્ય લોકો બચી શકે છે. બંનેની પત્નીએ જે સમજદારી બતાવી તેનાથી વ્યક્તિને ફાયદો થયો છે. સાથે એક નવી દિશા મળી છે. બધા એક જ છે તેનો સંદેશો છે. હવે તો ભારતમાં પણ લિવર અને હૃદય પ્રત્યાર્પણ થવા લાગ્યા છે.

પાકિસ્તાન એક કટ્ટરવાદી દેશ છે. ત્યાં ધર્મનું સખતાઈથી પાલન કરાવવા ધર્મગુરુઓ સક્રિય છે. ઈસ્લામમાં અંગ પ્રત્યાર્પણની પરવાનગી આપતો નથી. આથી પાકિસ્તાનમાં અયુબખાનના શાસન સુધી તો નેત્રદાન કે રક્તદાન થતા નહોતા. અયુબખાનના એક પરમ મિત્ર નેત્ર ચિકિત્સક ડૉક્ટર બન્યા હતા. તેઓ સંયોગથી પારસી હતા. એક દિવસ તેમણે પોતાના મિત્ર અયુબખાનને સલાહ આપી કે જો નેત્રદાન શરૂ નહીં થાય તો અડધું પાકિસ્તાન અંધ બની જશે.

આ એક જ વાક્યથી પાકિસ્તાનમાં નેત્રદાન શરૂ થયા હતા. આરબ રાષ્ટ્રોમાં પણ અંગ દાન થતું નથી. આથી આરબ પ્રજા વિદેશની ખેપ મારે છે. ભારતમાં સેંકડો આરબો સારવાર માટે આવે છે. ત્યાં રક્તદાન નહીં હોવાથી વિદેશી રક્ત પર નિર્ભર રહેવું પડે છે.

સંયોગથી આધ્યાત્મિક ગુરુ સ્વર્ગીય આઠવલે શાસ્ત્રીજી જેમને દાદાના નામથી ઓળખવામાં આવે છે. તેમની મિત્રતા ઓમાનના શેખ (રાજા કાબુસ) સાથે થઈ હતી. દાદા અવારનવાર ઓમાનની યાત્રાએ જતા હતા. એકવાર રાજાના જન્મદિવસે પૂ. દાદાએ તેમને ભેટ સ્વરૂપે રક્તની બે બોટલ આપી હતી. તેમણે કહ્યું કે તમારે માટે આ જીવનદાયી છે.

પરંતુ રક્ત માત્ર વૈજ્ઞાનિક સ્વરૂપે બેન્કમાં જ સુરક્ષિત રહી શકે છે. પૂ. દાદાની આ સૂઝબૂજનું પરિણામ એ આવ્યું કે ત્યાં બ્લડ બેન્કની સ્થાપના થઈ ગઈ. પ્રગતિશીલ મુસ્લિમ રાષ્ટ્ર ફતવા કે આદેશની ચિંતા કર્યા વગર આ દિશામાં આગળ વધી રહ્યા છે. ચામડીના રોગથી અસંખ્ય

લોકો બીમાર છે. હવે તો શરીરની ચામડી બીજાના શરીર પર લગાવી શકાય તેવી રીતો વિજ્ઞાને વિકસાવી છે.

અંગોની ખરીદી માટેનું બજાર પણ વિકસ્યું છે, પરંતુ તેમાં અંગનું દાન કરનારાનો દોષ શું? શું તેમાં મેડિકલ સાયન્સ દોષિત છે? આવી બાબતો માટે સરકાર કાનૂન પણ બનાવવા વિચારે છે. પણ વ્યક્તિની નિયત ખોટી હોય તો શું થાય?

સારી બાબતનું વ્યાપારીકરણ થાય તેમાં દોષ કોનો? કુશળ ડૉક્ટર અને વૈજ્ઞાનિક બનવા સતત અધ્યયન અને ચિંતન કરવાનું રહે છે. આથી માનવ શરીર પર લગાતાર પ્રયોગ થતાં રહે છે. કોઈક પરીક્ષણ અને શરીરની ભીતરી રચના માટે આજે મેડિકલ કોલેજને મૃત શરીરની જરૂર પડે છે. આથી દેહદાન થઈ રહ્યા છે.

પરંતુ તેવી બાબત સ્વૈચ્છિક હોવી જોઈએ. બિનવારસી લાશ મળે છે તેના પર સંશોધન થાય છે. કેટલીક વખત ધાર્મિક ભાવના પણ આડી આવે છે. દરેક પોતાના સ્વજનને ધાર્મિક પદ્ધતિથી સંસ્કાર કરીને મોક્ષ મળે તેમ ઈચ્છે છે, પરંતુ હમણાં દેહદાનની પ્રવૃત્તિમાં વધારો થયો છે. ઈશ્વરે આપેલા શરીરના કોઈ અંગનું મૃત્યુ બાદ જો કોઈના કામમાં આવે તેનાથી વધારે પરમાર્થની વાત કઈ હોય શકે? જો સમજવામાં આવે તો કોઈ નિરાશ વ્યક્તિના જીવનમાં આથી સૂર્ય જેવો દિવસ ઉજાસ પાથરી શકાય.

**- મુઝફ્ફર હુસેન, સૌ. મુંબઈ સમાચાર**

## સેવાકી ધુન

સેવા કરના યાની ક્યા કરના? મુઝે લગતા હૈ કિ સેવા યાની દુ:ખિયોં કા દુ:ખ દૂર કરના. દુ:ખ દેખા હી નહીં જાતા તો ઉસકે લિએ કુછ કરને કી ઈચ્છા હોતી હૈ, વહી હૈ સેવા. દુ:ખી ક્યા કેવલ મનુષ્ય હી હોતે હૈં? પેડ જબ કાટે જાતે હૈં, તબ ઉનકો દુ:ખ નહીં હોતા હોગા? હમ ધરતી કો ગંદા કરતે હૈં તો ઉસે દુ:ખ નહીં હોતા? નદી પ્રદૂષિત કરતે હૈં, ઉસે દુ:ખ નહીં હોગા? સારી ચરાચર સૃષ્ટિમેં જો દુ:ખ હમને હી તૈયાર કિયા હૈ, ઉસકો દૂર કરના ભી સેવા હૈ.

અપને-અપને ક્ષેત્ર મેં અપની રૂચિકે અનુસાર લોગ સેવા કરતે હૈં. હમને ભી અપના સેવાક્ષેત્ર ચુના હૈ. હમ સંપૂર્ણ સ્વચ્છતા કે લિએ કામ કરતે હૈં. નાસિક કે પાસ ગોવર્ધન નામ કા ગાંવ હૈ, વહાં હમારા કેંદ્ર હૈ - નિર્મલ ગ્રામ-નિર્માણ કેંદ્ર. વહાં હમ જો કામ કરતે હૈં, વહ સબ તો નહીં બતાતી લેકિન અભી જો દો નયે કામ શુરુ કિયે હૈ, ઉસકે બારે મેં યહાં લીખૂંગી.

વૈસે દેખા જાયે તો એક ઉપક્રમ એકદમ છોટાસા હૈ સંપૂર્ણ સ્વચ્છતા યા સફાઈકી હમારી વ્યાખ્યા હૈ કિ ગંદગી કહીં ભી નહીં રહે, ઉસકે લિએ હમારે પ્રશિક્ષણ વર્ગો મેં હમ બતાતે હૈં કિ ગંદગી હમારે ઘરોંમેં, આજૂ-બાજૂમેં, હમારે પરિસરમેં, પાનીમેં, હવામેં કહીં ભી ન રહે. ઉસકા એક હી માર્ગ હૈ કિ બેકાર માની જાનેવાલી સબ ચીજોંકા ફાયદેમંદ ઈસ્તેમાલ કરેં. ઉનકા પુન: અચ્છા ઉપયોગ કરનેસે સફાઈ અપને આપ હો જાતી હૈ.

અભી ઉસકે લિએ હમને યુવતિયોં કા એક વર્ગ શુરુ કિયા હૈ. શુરુ કરતે સમય ઉન્હેં સિર્ફ ઈતના હી બતાયા કિ મૈં આપકો અપને હાથસે છોટી-છોટી ચીજેં બનાના સિખાઉંગી. ફિર ફેંકને લાયક કપડે, કાગજ વ અન્ય વસ્તુઓ સે કુછ ચીજેં બનાયી. એક-એક ચીજ બનતી ગયીં તો બહનોંકો ખૂબ આનંદ આને લગા. એક દિન એક બહન ખુદ હોકર કહને લગી કિ ઘર મેં ઈધર-ઉધર જો કપડે પડે રહતે થે, ઉસે ઈકઠ્ઠા કરકે અચ્છી તરહ રખા તો કચરા કમ હોને લગા હૈ. દૂસરી એક બહન ને કહા કિ કાગજ વૈસે હી હમ ડાલ દેતે હૈ, તો ગંદગી ફૈલાતે હૈં, ઉસકે બદલે હમને સુંદર ચીજેં બનાના સીખા તો એક ઉપયોગી ચીજ તૈયાર હો ગયી. તિસરી બહન ને કહા કિ ઘર મેં મૈંને સબકો કહ રખા હૈ કિ કુછ ભી ચીજ ફેંકને કે પહલે મુઝે દિખાના, મૈં ઉસકા કુછ અચ્છા ઉપયોગ કરુંગી. ઈસ પ્રકાર ઉનકે પાસ અપને આપ યહ સંદેશ જા રહા હૈ કિ કચરા ઈધર-ઉધર નહીં ડાલના હૈ ઔર સબકા પુન: ઉપયોગ કરના હૈ.

યે સબ સિખાને કે સાથ-સાથ મૈં ઉનસે કુછ બાતેં કરતી હૂં. ઉનકો સમઝમેં આયે, એસી 'સ્ત્રી-શક્તિ'કી કુછ પંક્તિયાં કભી પઢકર ઉન્હેં સુનાતી હું. ફિર ઉસ પર હમ ચર્ચા કરતે હૈં. એક દિન એક બહન થોડા જલ્દી હી આ ગઈ. કહને લગી કિ આપને બતાયા થા ન કિ હમેં નિર્ભય બનના હૈ, રોતે નહી બૈઠના હૈ. સાસ નહીં ચાહતી કિ મૈં યહાં આઉં. લેકિન મૈંને નિર્ભયતાસે ઉન્હેં કહા કિ મૈં વહાં ઈતની અચ્છી ચીજેં સીખ રહી હૂં, અત: મૈં વહાં જાઉંગી... તો ઈસ પ્રકાર ઉન્હેં અપની શક્તિ કે અનુસાર વૈચારિક બલ ભી મિલતા હૈ.

હમ દૂસરા ભી એક છોટા-સા કામ કરતે હૈં. વૈસે યહ પ્રશ્ન બહુત બડા હૈ. આપકો પતા હોગા કિ મહારાષ્ટ્રમેં ગણપતિકા ઉત્સવ મનાતે હૈં. ઉસકે બાદ વિસર્જનકે દિન મૂર્તિકે સાથ ગણેશજી કો ચઢાયા હુઆ સબ કુછ નદી મેં

ડાલતે હૈં. ઉસ સમય નદીકી ઈતની ભયાનક અવસ્થા હોતી હૈ કિ ઉસે દેખ ભી નહીં સકતે. નાસિકમેં એસે ૬૦ સ્થાન હૈં, જહાં વિસર્જનકા કાર્યક્રમ હોતા હૈ, ઉસમેં સે સિર્ફ એક સ્થાનકો હમને ચુના હૈ. લોગોંસે સારા નિર્માલ્ય લે લેતે હૈં. ઉસમેં ક્યા-ક્યા નહીં આતા? ફલ, ફૂલ, પત્તિયાં, નારિયલ, વસ્ત્ર, ભગવાનકે ટૂટે ફોટો આદિ. ફિર ઉસકા વર્ગીકરણ કરકે હર ચીજ કા અચ્છા ઉપયોગ કરને કા પ્રયત્ન કરતે હૈં. યહ કામ કચરા ડિપો મેં કામ કરને સે ભી ભયાનક હૈ, ઈતની બદબૂ હોતી હૈ. ભગવાનકે નામસે ભગવાનકે હી નિર્માણ કિયે હુએ પંચમહાભૂતોંકો હમ પ્રદૂષિત કરતે હૈં. યહ અંધભક્તિ હૈ, જો બંદ હોની ચાહિએ ક્યોંકિ ઉસસે સૃષ્ટિ કા બહુત નુકસાન હોતા હૈ. પિછલે સાત-આઠ સાલોંસે હમારા યહ અભિયાન ચલા હૈ। જિસમેં નાસિક શહર ઔર આસપાસકે ગાંવોસે બચ્ચોંસે લેકર બૂઢે તક સાઠ-સત્તર મિત્ર શામિલ હોતે હૈં.

ઈસ પ્રકાર અપની બુદ્ધિશક્તિ સે જિતના હોતા હૈ, વહ સેવા હમ કર રહે હૈં. ઉસમેં હમારા પરિવાર વ છોટી-સી ટીમ હૈ, સભી મિલકર કરતે હૈં. લેકિન મેરે જીવન કા ઉદ્દેશ્ય કેવલ કામ હી કરતે રહના, એસા હૈ ક્યા? એસા તો નહીં હૈ. હાં, સેવા કા લાભ યહ ભી હોતા હૈ કિ અપને ચિત્ત કી શુદ્ધિ ભી હોતી હૈ. જબ હમ અપને કામ મેં વ્યસ્ત હોતે હૈં, સેવાકા હી સોચતે રહતેં હૈં તો વિકાર વ ગલત વિચાર આનેકા સવાલ હી નહીં હૈ. ક્યોંકિ સતત સેવાકા સોચેં તો વે કહાં સે પ્રવેશ કરેંગે? તો ઈસ તરહ હમ ચિત્તશુદ્ધિ કી તરફ જાતે હૈં.

લેકિન દૂસરી તરફ એકદમ ઉલ્ટા અનુભવ ભી આતા હૈ. મુઝે આયા હૈ ઔર ઉસસે મૈં સીખ રહી હૂં. જબ હમ જ્યાદા વ્યસ્ત રહતે હૈં, કામ મેં જ્યાદા ડૂબતે હૈં તો કુછ દોષ હમારે વ્યક્તિત્વમેં આ જાતે હૈં, ક્યોંકિ ઉસ કામકા બોઝ હમારે સિર પર હંમેશા રહતા હૈ. સેવાકે માધ્યમ સે જગતસે મૈત્રી તો કુછ માયને મેં હમને કી લેકિન સ્વયં સે મૈત્રી કરના રહ હી ગયા, ભગવાન સે મૈત્રી કરના રહ હી ગયા. એસા ન હો, ઉસકે લિએ સીખ રહી હૂં, પ્રયત્ન કર રહી હૂં કિ અપને કામ કી ભી એક મર્યાદા હો. અભી ભી મેરી ભાવના ઈતની નહીં બઢી હૈ કિ સબ જગહ ઈશ્વર કો હી દેખૂં, લેકિન કુછ તો દિલ મેં હૈ જરૂર. સેવા કી ધુન તો હંમેશા રહેગી હી, એસે સમય યહ ભજન હોઠોં પર આતા હૈ

**તુઝી સેવા કરીન મનોભાવેં।**
**માઝેં મન ગોવિંદીં રંગલે**

**- નલિની નાવરેકર (નાસિક), સૌ. 'મૈત્રી' પવનાર**

**નોંધ :** આ લેખની કહાની ચીમનભાઈ તારાપુરથી અહિં ૩ દિવસ સત્સંગ કરી ગયા મૈત્રી-ફેબ્રુ.૨૦૧૬નો અંક સહજ અહિં ભૂલી ગયેલા તેમાંથી આ લેખ તથા વિનોબાજીના પ્રશ્ન ઉત્તર (તંત્રી લેખમાં) લીધા છે. નલિનીબેનની તપાસ કરી તો એ પ્રભુને પ્યારા થઈ ગયા છે. આ સ્થિતિ પ્રાયઃ મોટાભાગના સાધકોની છે. નલિનીબેનની પ્રાર્થના સફળ થાય એજ આપણા સહુની પ્રાર્થના. આ છે ઈશકૃપા.

## પ્રાર્થના

સમર્થ ગુરુ રામદાસ એક દિવસ સવારના પહોરમાં ભિક્ષાર્થે નીકળ્યાં અને એક ઘરના આંગણામાં જઈ ઉભાં.

ગૃહિણી રસોડું સાફ કરી રહી હતી. એના કાને ગુરુ રામદાસનો અવાજ પડ્યો : 'મૈયા'! 'ભિક્ષા આપશો?'

ગૃહિણી આ સાંભળી ગુસ્સે ભરાઈ અને બહાર આવીને બોલવા લાગી : તારા જેવા મુંડાળાઓ રોજ ભીખ માગવા આવ્યા કરે! હું તો તમારા જેવા લોકોથી વાજ આવી ગઈ છું. કામ કરવું નથી અને મફતનું ખાવું છે! કોણ જાણે ક્યાંથી તમારા જેવા લોકો અહીં આવી ફૂટે છે!' સમર્થ ગુરુ રામદાસે આ શબ્દો સાંભળ્યા છતાં જરાયે રોષે ભરાયા નહિં. તેઓ બોલ્યા : મૈયા! તમારું કહેવું સાચું છે. અમારા જેવા લોકોથી તમારે ત્રાસી જવાનું જ રહે. પણ મૈયા! તમે કશુંક આપો. જે કંઈ આપશો તેથી હું સંતોષ માનીશ.'

આથી તો ગૃહિણીને વધુ ગુસ્સો ચઢ્યો અને કશું બોલવાને બદલે, રસોડું સાફ કરીને મેલું બનેલું એક પોતું ગુરુ રામદાસ પર ફેંક્યું!

એ ગંદુ પોતું લઈને, 'કલ્યાણ થાવ તારું મૈયા! એવા આશીર્વાદ આપીને તેઓ ત્યાંથી ચાલી નીકળ્યાં. બાદ, એ ગંદુ પોતું લઈને તેઓ એક નદી પર ગયા અને ત્યાં પાણીથી એ પોતામાંથી મેલ કાઢવા લાગ્યા. પોતું બરાબર ધોઈને તેઓએ પોતું લઈને પોતાની ઝૂંપડી પર ગયા.

સાંજે આરતીના સમયે તેમણે પેલા ધોયેલા પોતામાંથી આરતી ને માટે દીવેટો બનાવી અને એ દીવેટોની આરતી તૈયાર કરી.

પછી આરતી ઉતારતાં ઉતારતાં તેઓ મનોમન બોલી રહ્યા : હે દયાના સાગર પ્રભો! તારી કૃપાનો કોઈ પાર નથી. પણ એક વધુ કૃપા તું પેલી ગૃહિણી પર કર કે જેના પોતામાંથી મેં આ દીવેટો બનાવી છે. તેનામાં એવો પ્રકાશ પ્રગટાવ કે જેથી તેનો અંતરાત્મા પ્રકાશિત બને અને તેનામાં સારું-નરસું પારખવાની વિવેકબુદ્ધિ જાગ્રત થાય.

**- સૌ. ''સેવા''- જુલાઈ ૨૦૧૮**

## વિકાસ એટલે શું ?

વિકાસ સર્વત્ર સર્વમાન્ય અને આવકાર્ય સિદ્ધિ હોવાં છતાં **વિકાસ એટલે શું?** એ પાયાના પ્રશ્ન અંગે મતમતાંતર અને વાદ-વિવાદ સર્જાતા રહ્યા છે. સ્વહિતલક્ષી વક્તાઓ અને તેમના લાભાર્થી સમર્થકો કે સહાયકો વૃદ્ધિ → પ્રગતિ → વિકાસ એકબીજાના પર્યાય ગણવા-ગણાવવાની ભ્રમજાળ સર્જે છે. જ્યારે વાસ્તવમાં એ ત્રણેય અલગ તબક્કા અને અલગ પરીબળ છે. પર્યાપ્ત કક્ષા કે માત્રા કરતાં ઉંચેરી ઉપયોગીતા સર્જાય તે છે પ્રગતિ, જ્યારે સુખસર્જક પ્રગતિ સરળ તેમજ સહજસાધ્ય બને/બનાવે તે છે વિકાસ. વૃદ્ધિ તો જથ્થાત્મક તેમજ ઉપયોગી કે ઉપદ્રવી પણ હોઈ શકે, પરંતુ પ્રગતિ અને વિકાસ ઉપયોગી જ હોઈ શકે.

* પ્રગતિથી જથ્થાત્મક તેમજ ગુણાત્મક સંવર્ધન સધાય છે, જ્યારે વિકાસથી વિવેકબુદ્ધિ યુક્ત સ્વયંશિસ્ત અને સહયોગાત્મક સર્જનશીલતા સર્જાય/સધાય છે.
* પ્રગતિ માટે હૈયાસૂઝયુક્ત પરિશ્રમ તથા વિજ્ઞાન અને ટેકનોલોજી પાયાના પરીબળ છે, જ્યારે વિકાસ માટે વધુમાં દીર્ઘદ્રષ્ટિયુક્ત આયોજિત અગ્રતાક્રમ તથા સમાનતા અને ભાતૃભાવ પાયાના પરિબળો છે.
* પ્રગતિનો પ્રભાવ સ્થાનિક, ક્ષેત્રિય, એકાંગી કે વૈયક્તિક હોય છે, જ્યારે વિકાસનો પ્રભાવ સાર્વજનિક, સાર્વત્રિક અને સર્વગ્રાહી હોય છે.
* પ્રગતિમાં મનોદૈહિક પ્રક્રિયાનું પ્રભુત્વ હોય છે, જ્યારે વિકાસમાં પ્રાકૃતિક અને સામાજિક પ્રક્રિયાનું પ્રભુત્વ હોય છે.
* પ્રગતિ સુવિધા સર્જે છે જ્યારે વિકાસ સુખ સર્જે છે. પાષાણયુગમાંથી યંત્રયુગ એ પ્રગતિ છે. પ્રાકૃત માનવમાંથી સંસ્કૃત માનવ એ વિકાસ છે.
* નિર્જીવ સ્વરૂપ (દ્રવ્ય-વસ્તુ)નો વિકાસ વાસ્તવમાં પ્રગતિ છે, જ્યારે સજીવ સ્વરૂપ (પ્રાણી-વનસ્પતિ)ની પ્રગતિ વાસ્તવમાં વિકાસ છે.
* વાહનની ગુણવત્તાની વૃદ્ધિ એ પ્રગતિ છે, જ્યારે વાહકની ગુણવત્તાની વૃદ્ધિ એ વિકાસ છે.
* પ્રગતિ સુશોભન છે, વિકાસ સુવાસ છે.
* પ્રગતિથી વિકાસ **શક્ય** બને છે, જ્યારે વિકાસથી પ્રગતિ **સાર્થક** બને છે.

સત્તા, સમૃદ્ધિ, સુવિધા, માહિતી કે સાધનોની વૃદ્ધિ કે વિકાસ વાસ્તવમાં પ્રગતિ છે, જ્યારે સમજ, જ્ઞાન, ક્ષમતા, સંસ્કાર, સ્વાસ્થ્ય કે શિક્ષણની વૃદ્ધિ વાસ્તવિક વિકાસ છે. આ છે વિકાસના મૂલ્યાંકનના માપદંડ.

**- વિનુભાઈ ગાંધી, ભાવનગર, સૌ.સ્વાશ્રયી આરોગ્ય.**

## વિચાર કી મત સુનના

બુદ્ધિ કી જો સમઝ મેં નહી આતા, બુદ્ધિ ઉસસે ઝુંઝલાતી હૈ. બુદ્ધિ કહતી હૈ : એસે કામ મેં મત પડો, જો મેરી સમઝ મેં નહીં આતા. નાસમઝી કે કામ મેં મત પડો!

લેકિન, બુદ્ધિ કે ઉપર ભી એક સમઝ હૈ હૃદય કી. ઔર જબ હૃદય કી સમઝ ખુલની શુરુ હોતી હૈ, કૌન સુનતા હૈ બુદ્ધિ કી! જો સુને, વહ અભાગા હૈ. ઈસલિએ દોનોં બાતેં હોંગી આનંદ ભી હોગા, ઝુંઝલાહટ ભી હોગી. ઝુંઝલાહટ હોગી સિર મેં; આનંદ હોગા હૃદય મેં, ધડકન મેં. શ્વાસ-શ્વાસ મેં આનંદ ભર જાએગા ઔર વિચાર-વિચાર મેં ઝુંઝલાહટ હો જાએગી.

વિચાર કી મત સુનના, વિચાર વ્યર્થ કે સાથ જુડા હૈ, વિચાર સીમિત કે સાથ જુડા હૈ, વિચાર ક્ષુદ્ર કે સાથ બંધા હૈ. ઉસકી ક્ષુદ્ર સે સગાઈ હુઈ, વહ ધન-પૈસા, પદ-પ્રતિષ્ઠા, ઈનકી દુનિયા મેં કુશલ હૈ; પ્રેમ ઔર પરમાત્મા ઔર સમાધિ, ઈસ દુનિયા મેં ઉસકી કોઈ ગતિ નહીં હૈ. વહ જમીન પર સરકને કે લિએ ઠીક હૈ, આકાશ મેં ઉડને કી ઉસકી ક્ષમતા નહીં હૈ. આકાશ મેં ઉડના હો તો હૃદય કે પંખોં પર સવાર હોના હોગા.

આનંદ કી સુનના!

તુમ્હારે ભીતર જો વિધાયક હૈ, ઉસમેં હી ડૂબો; ઔર જો નકારાત્મક હૈ, ઉસકી ઉપેક્ષા કરો, તાકિ ધીરે-ધીરે વિધેય હી તુમ્હારા જીવન હો જાએ. નકાર અપને આપ ગિર જાએગા; સુખેગા, કુમ્હલાએગા. પાની મત દો અબ નકાર કો. અબ ઝુંઝલાહટ કો પાની મત દેના. હોતી હો, હોને દેના; તુમ તો પાની દેતે જાના આનંદ કે ભાવ કો.

**- ઓશો.**

## વર્તન એ જ ઉપદેશ

પ્રત્યેક જીવાત્મા ભોગી થયા પછી રોગી થાય છે, ત્યાર પછી તે યોગી થઈ શકે છે. માટે, જે જીવ જેમ વર્તે તેમ વર્તવા દો. થાકશે એટલે ઠેકાણે આવશે વાર્યા કોઈ નહિ વળે, હાર્યા વળશે. એમને એમના માર્ગે હારવા દો. તમે તમારા માર્ગે ચાલો. તમારો ઉપદેશ તમે જ વર્તનમાં ઉતારો. વર્તનથી જ ઉપદેશ, વાણીથી નહિ.

**- શ્રી દાસાનુદાસ મહારાજ**

## પ્રતિભાવ-૧

સ્નેહી શ્રી શાંતિભાઈ,

ગોરક્ષા પાત્રનાં ૧૬ પાનાં ઘણી બધી જાણકારી આપે છે. બધા લખાણોનાં ધ્યેય ઉંચા અને ઉત્તમ હોય છે. એમી અને તેનાં બે બાળકોની વાત કેવી બોધદાયક છે! 'ગુપ્તદ્રષ્ટા' પણ અજબની ભવિષ્યવાણી ભાખે છે.

**- રમેશ બાપાલાલ શાહ.**

## પ્રતિભાવ-૨

આદરણીય શ્રી રમેશભાઈ,

કુશળતા ચાહું છું. ગોરક્ષા-પાત્રનો આપનો પ્રયત્ન ઘણો જ સ્તુત્ય છે. આનંદની વાત તો એ છે કે આપના આ માસિક દ્વારા પરમકૃપાળુ પરમાત્માના વચનામૃતોની જ્ઞાનપ્રભાવના થઈ રહી છે. આના પ્રભાવથી આપના ધારેલાં બીજાં શુભ કાર્યોમાં પણ સફળતા પ્રાપ્ત થશે.

સત્પુરુષોનું યોગબળ જ જગતનું કલ્યાણ કરવાને સમર્થ છે. પણ એ યોગબળનો પુરુષાર્થ તો આપણે જાતે જ કરવો રહ્યો.

**- હસમુખભાઈ એ. પરીખ.**

## પ્રતિભાવ-૩

આદરણીયશ્રી રમેશભાઈ દોશી,

ગોરક્ષા પાત્ર ઓક્ટોબર મળ્યું ખૂબજ સરસ ગોરક્ષા પાત્રના બધાજ લેખ ગમ્યા ખુલ્લો એકરાર તો ખૂબજ ગમ્યો સ્વામી કૃષ્ણાનંદ અમે એમના પાળીતા સ્વામી! ભલે ભૂમિપુત્રમાં લેખ આવેલ હશે પણ ગોરક્ષા પાત્રમાં વાંચીને અને સ્વામીજીનો ખુલ્લો એકરાર વાંચી જાણે દ્રષ્ટિ પ્રાપ્ત થઈ આપને ફરીફરી વંદન. વ્યાજ પર ચાલતી સંસ્થા સુસ્ત થાય છે..... સદાવ્રતો આપણે કપાળ કાળી ટીલી છે. આર્થીક આબાદી વિઘ્નકર્તા છે. મહાત્માના શબ્દેશબ્દ પ્રકાશ પાથરે છે. સદ્‌વિચારો દ્વારા ચિતનો મેલ સાફ થાય છે. વિનોબાના અમૃતબિંદુ ઘણુ કહી જાય છે. ૧૯૯૭ થી દ્રષ્ટિ પ્રાપ્ત થઈ, ફરીફરીને ગોરક્ષા વાંચુ છું ભાઈ. સંન્યાસી બનવાની ધૂન, બુધ્ધ, પરમહંસ, મહાવીરના દ્રષ્ટાન્ત, કુલપતિનો દીકરીને પત્ર, અનોખી શાળા, રાકેશભાઈ, પ્રતિમા દવેનો લેખ ખૂબજ ગમ્યો. પુસ્તકનો પ્રભાવ, માતાની માવજત પરીક્ષા બધું બે બે વાર વાંચવું પડ્યું ખૂબજ ગમ્યું ગોરક્ષા પાત્ર આપને ફરી ફરી ધન્યવાદ વંદન.

**- ઉકાભાઈ હરિભાઈ વઘાસિયા**

## પિતાના હાથનાં છાલાં

ભણવાનું પૂરૂં થયા બાદ એક હોશિયાર વિદ્યાર્થી નોકરી માટે ઈન્ટરવ્યુ આપવા માટે ગયો. પહેલો ઈન્ટરવ્યું. તરત જ પાસ થઈ ગયો. હવે ફાઈનલ ઈન્ટરવ્યુ કંપનીના અનુભવી ડિરેક્ટર લેવાના હતા.

ડિરેક્ટરે વિદ્યાર્થીનો CV (Curriculum Vitae) ધ્યાનથી જોયો અને જોયું કે વિદ્યાર્થી ભણવા સાથે અન્ય સાંસ્કૃતિક અને રમત-ગમત આદિ પ્રવૃત્તિઓમાં પણ હંમેશાં અવ્વલ રહ્યો છે. ડિરેક્ટરે પ્રશ્ન પૂછયો, 'શું તું સ્કોલરશિપની મદદથી ભણ્યો છે?' વિદ્યાર્થીએ કહ્યું, 'ના.' ડિરેક્ટરે કહ્યું, 'તો એનો અર્થ કે તારી સ્કુલ-કોલેજની બધી ફી તારા પિતાએ ભરી છે?' વિદ્યાર્થીએ કહ્યું, 'હા સર.' ડિરેક્ટરે પૂછયું, 'તારા પિતાજી શું કામ કરે છે?' વિદ્યાર્થીએ કહ્યું, 'એ ધોબી છે. લોકોનાં કપડાં ધુએ છે.' ડિરેક્ટરે તરત કહ્યું, 'જરા તારા હાથ બતાવ.' વિદ્યાર્થીએ બન્ને હાથ લાંબા કર્યા. તેના બન્ને હાથ રેશમ જેવા મુલાયમ અને નાજુક હતા. ડિરેક્ટરે પૂછયું, 'શું તે ક્યારેય તારા પિતાજીને કપડાં ધોવામાં મદદ કરી છે?' વિદ્યાર્થીએ કહ્યું, 'ના, મારા પિતાજી હું હંમેશાં ભણવામાં જ ધ્યાન આપું એમ ઈચ્છતા હતા.' ડિરેક્ટર બે ઘડી ચૂપ રહી બોલ્યા, 'ભાઈ, આજે તું ઘરે જઈ પિતાજીના હાથ ધોજે અને પછી આવતી કાલે આપણે મળીશું.'

વિદ્યાર્થીએ ઘરે જઈને પિતાજીને બધી વાત કરી અને તેમના હાથ ધોવાની તૈયારી કરી. વિદ્યાર્થી જેવો પિતાના હાથ પોતાના હાથમાં લઈ ધોવા લાગ્યો ત્યારે તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. પિતાના હાથ એકદમ ખરબચડા અને છાલાંઓથી, ચીરાઓથી ભરેલા હતા. હાથ પર પાણીનો સ્પર્શ થતાં તેમને પીડા થતી હતી.

વિદ્યાર્થીને જીવનમાં પહેલી વાર એહસાસ થયો કે આ એ જ હાથ છે જે બીજા લોકોનાં કપડાં ધોઈ-ધોઈને તેના માટે ખાવાનું, કપડાં અને ફીની વ્યવસ્થા કરતા હતા. પિતાના હાથનાં છાલાં, વિદ્યાર્થીની એક-એક કામિયાબીનું પ્રતીક હતાં. વિદ્યાર્થીએ પિતાના હાથ ચૂમ્યા. પિતાને વંદન કરી બધાં કપડાં ધોઈ નાખ્યાં.

બીજા દિવસે ડિરેક્ટર પાસે જઈ તેમનો આભાર માનતાં વિદ્યાર્થીએ કહ્યું, 'તમે મને જીવનની વાસ્તવિકતા સમજાવી. મારા પિતા મારી કામિયાબીનું કારણ છે. તેમની સખત મહેનત, તેમના પ્રેમની કિંમત મને હવે સમજાય છે.'

**પ્રેષક : શ્રી ઉમેદભાઈ નંદુ, ''તાણાવાણા'' માંથી સાભાર**

## અનુસંધાન પાના નં.૧૬ પરથી ચાલુ...

ધર્મપાળે કહ્યું : 'વીંટી બહુ કીંમતી હશે.'

સુલતાને કહ્યું: 'ના, એનાથી ઘણી વધારે કીંમતી વીંટીઓ મારી પાસે છે. પણ આ તો એક ફકીરના આશીર્વાદની વીંટી છે. હું માનું છું કે મારી સલ્તનતનો પાયો એ આશીર્વાદ છે. એટલે મારે મન એ વીંટીનું મૂલ્ય સલ્તનત કરતાંયે વધારે છે.' આટલું કહી સુલતાને કહ્યું: 'બોલો, શેઠ, આ વખતે શું માલ લઈને આવ્યા છો?' ધર્મપાલે કહ્યું: 'લવિંગ.' 'લવિંગ?' સુલતાનની નવાઈનો પાર ન રહ્યો. 'આ લવિંગના દેશમાં તમે લવિંગ વેચવા આવ્યા છો? કોણે તમને આવી મતિ આપી? નક્કી એ કોઈ તમારો દુશ્મન હશે. અહીં તો એક પૈસામાં મૂઠ્ઠી ભરીને લવિંગ મળે છે. અહીં તમારા લવિંગનું શું ઉપજશે?'

ધર્મપાળે કહ્યું: 'મારે એ જ જોવું છે. લાખોની ખોટ ખાવા માટે જ હું અહીં આવ્યો છું. આજ લગી જે ધંધો મેં કર્યો તેમાં મને હંમેશા નફો જ થયો છે; મારા બાપના આશીર્વાદનું એ ફળ છે. એ આશીર્વાદ આજે અહીં કેવી રીતે કામ કરે છે તે મારે જોવું છું.'

સુલતાને કહ્યું: 'બાપના આશીર્વાદ? એ વળી શું?'

ધર્મપાળે કહ્યું: 'મારા બાપ ગરીબ હતા. આખી જિંદગી તેમણે પ્રમાણિકપણે કામ કર્યું હતું. પણ કદી બે પાંદડે થયા નહોતા. મરતી વખતે તેમણે ભગવાનનું નામ લઈ મારા માથા પર હાથ મૂકીને મને આશીર્વાદ આપ્યા હતા કે તારા હાથમાં ધૂળનું સોનું થઈ જશે!'

બોલતાં બોલતાં જુસ્સામાં આવી તેણે નીચા નમી મૂઠો ભરી સમુદ્રતટની રેતી લીધીને ચાળણીની પેઠે આંગળામાંથી રેતી નીચે ઝરવા દીધી, તો-એની - નવાઈનો પાર ન રહ્યો. એના હાથમાં હીરાજડિત સોનાની વીંટી હતી! એ જ પેલી સુલતાનની ખોવાયેલી વીંટી! વીંટી જોઈ સુલતાન ખુશ ખુશ થઈ ગયો. તે બોલી ઊઠ્યો : 'વાહ ખુદા, તારી કરામતનો પાર નથી! તું બાપના આશીર્વાદને સાચા પાડે છે!' ધર્મપાળે કહ્યું: 'ફકીરના આશીર્વાદને પણ એ જ સાચા પાડે છે!'

સુલતાન હેતથી ધર્મપાળને ભેટી પડયો. કહે : 'માગ, માગ, માગે તે આપું.' ધર્મપાળે કહ્યું: 'આપ સો વર્ષના થાઓ અને રૈયતનું રૂડી રીતે પાલન કરો- એ સિવાય મારે બીજું કંઈ ન જોઈએ.'સુલતાન અધિક ખુશ થયો. તેણે કહ્યું: 'તમારો બધો માલ હું મુદ્દલ કરતાં બમણી કિંમતે રાખી લઉં છું.'

**- સૌ. પરિત્રાણ, જાન્યુઆરી ૨૦૧૯**

## પુસ્તક સ્વીકાર

**''આત્મજ્ઞાન અને સાધના પથ''**

લેખક-મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી. કુલ પાના - ૩૩૬, કિંમત - ૧૬૦રૂા. પ્રકાશક - જ્ઞાન જ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ,ગામદેવી, મુંબઈ - ૪૦૦ ૦૦૭

**પ્રાપ્તિસ્થાન: સીલ્વર આર્ટ :** ૩૮-૪૧, શાંતિનાથ શોપીંગ સેન્ટર, પહેલે માળ, એસ.વી.રોડ, મલાડ-વેસ્ટ, મુંબઈ ૪૦૦ ૦૬૪.**મોબાઈલ: ૯૯૬૭૦ ૦૦૬૬૦**

## ''પ્રાર્થના''

અસત્યો માંહેથી પ્રભુ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી, પ્રભુ! પરમ તેજે તું લઈ જા;
મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ! લઈ જા,
તું હીણો હું છું તો, તુજ દરશનાં દાન દઈ જા.

પ્રભો અંતર્યામી, જીવન જીવના દીનશરણા,
પિતા માતા બંધુ, અનુપમ સખા હિતકરણા;
પ્રભા કીર્તિ કાંતિ, ધન વિભવ સર્વસ્વ જનના,
નમું છું, વદું છું, વિમલમુખ સ્વામી જગતના.

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઊચરું,
કૃતિ ઈંદ્રિયોની, મુજ મન વિશે ભાવ જ સ્મરું;
સ્વભાવે બુદ્ધિથી, શુભ-અશુભ જે કાંઈક કરું,
ક્ષમાદ્રષ્ટે જોજો; તુજ ચરણમાં નાથજી! ધરું.

**- કવિ: ન્હાનાલાલ**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. સુલક્ષણાબેન મહેતા | અમદાવાદ | ૨૦૦/- |
| ૨. ઉદયભાઈ બુધ્ધદેવ | રાજકોટ | ૨૦૦/- |
| ૩. ધીરજ એસ. શાહ | મુંબઈ | ૨૦૦/- |
| ૪. હસમુખ કે. મેહતા | ગોરેગાંવ | ૧૦૦/- |
| ૫. સી. કે. મેહતા | મુંબઈ | ૧૦૦/- |
| ૬. સુશીલાબેન પી. શાહ | વિલેપાર્લા | ૧૦૦/- |
| ૭. મુલચંદ ખીમજી ગાલા | બિદડા | ૧૦૦/- |

### ઓનલાઈન લવાજમ ભરવા માટે

**લવાજમ ખાતાનું નામ: ગોરક્ષા પાત્ર**
**બેંક: યુનાઈટેડ બેંક ઓફ ઈંડીયા**
**શાખા: મલાડ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૬૪.**
**ખાતા નંબર 0732050014535 માં ભરવા વિનંતી.**
**Bank Code: IFSC : UTBI0MLD625**

**R.N.I. No.MAHGUJ / 2002 / 9750**

## બાપના આશીર્વાદ

ખંભાતના વાણિયાની આ વાત છે. એ મરવા પડ્યો ત્યારે પોતાના એકના એક દીકરા ધર્મપાળને બોલાવી તેણે કહ્યું: 'બેટા, મારી પાસે કંઈ ધનમાલ નથી. મિલ્કતમાં હું તને મારા આશીર્વાદ દેતો જાઉં છું કે તારા હાથમાં ધૂળનું સોનું થઈ જજો !'

દીકરાએ માથું નમાવી બાપના આશીર્વાદ ઝીલ્યા. બાપે સંતોષથી પ્રાણ છોડ્યા.

હવે ઘરનો ભાર ધર્મપાળના માથે આવ્યો. તેણે એક નાનકડી હાટડી શરૂ કરી. ધીરે ધીરે તેની કમાણી વધતી ચાલી. તેણે ધંધાનો વિસ્તાર કરવા માંડ્યો. ધંધાના વિસ્તાર સાથે કમાણી પણ વિસ્તરી. ગામના શ્રીમંતોમાં એની ગણતરી થવા લાગી.

એને ખાતરી હતી કે મારા પિતાના આશીર્વાદનું જ આ ફળ છે. પિતાએ આખી જિંદગી દુ:ખ વેઠ્યું, પણ ધીરજ ન ખોઈ, શ્રદ્ધા ન ખોઈ, પ્રમાણિકતા ન ખોઈ, તેથી એમની વાણીમાં બળ આવ્યું, તેમના આશીર્વાદ ફળ્યા, અને હું સુખી થયો.

આમ વર્ષો વીત્યાં. ધર્મપાળનો વેપાર ખૂબ વધ્યો. એનાં વહાણો દેશદેશાવર ફરતાં અને માલની લે-વેચ કરતાં. એની કમાણીનો પાર ન હતો.

એકવાર એને થયું કે આમ વેપાર રોજગારમાં નફો જ નફો થયા કરે એ સારું નહિ, કોઈ વાર નુકસાનનો પણ અનુભવ કરવો જોઈએ. એણે એક મિત્રને કહ્યું: 'દોસ્ત, કંઈ નુકસાનનો ધંધો બતાવ !'

મિત્રને થયું કે આને ધનનો મદ ચડ્યો છે; એ એવું સમજે છે કે થઈ થઈને મને શું નુકસાન થવાનું છે ? કાનખજૂરાનો એક પગ ભાંગ્યો તોય શું? તો હવે એને એવો ધંધો દેખાડું કે ઊંધે માથે ખાડામાં પડે.

તેણે કહ્યું: 'તો એમ કર! વહાણમાં લવિંગ ભરી ઝાંઝીબાર વેચવા જા! અવશ્ય એ ધંધામાં તને ખોટ જશે.'

ધર્મપાળને આ વાત બરાબર લાગી. ઝાંઝીબાર તો લવિંગનો દેશ, ત્યાંથી લવિંગ ભારતમાં આવે દશબાર ગણા ભાવે વેચાય. એ લવિંગ ભારતમાંથી ખરીદી ઝાંઝીબાર વેચવા જવું એટલે સીધી જ પાયમાલી.

ધર્મપાળે નક્કી કર્યું કે નુકસાનનો આ અનુભવ પણ લેવો. એટલે ભારતમાંથી મોંઘા ભાવે લવિંગ ખરીદી વહાણ લઈ તે ઝાંઝીબાર ગયો. ઝાંઝીબારમાં સુલતાનનું રાજ્ય હતું. ધર્મપાળ વહાણમાંથી ઊતરી રેતીના લાંબા પટમાં થઈજે બીજા વેપારીઓને મળવા જતો હતો. ત્યાં સામેથી આવતા સુલતાન એને મળ્યા. ખંભાત બંદરથી આવેલા વેપારીને જોઈ સુલતાને તેમનો આદર કર્યો. ધર્મપાળે જોયું તો સુલતાનની સાથે સેંકડોની સંખ્યામાં સિપાઈઓ હતા. એ સિપાઈઓના હાથમાં ભાલા, તલવાર કે બંદૂક નહિ, ચાળણીઓ હતી! એ જોઈ ધર્મપાળને નવાઈ લાગી. તેણે સુલતાનને વિનયપૂર્વક આનું કારણ પૂછ્યું.

સુલતાને હસીને કહ્યું: 'વાત એમ છે કે આજે સવારે હું આ સમુદ્ર તટ પર ફરવા આવેલો. ફરતાં ફરતાં મારી આંગળીએથી એક વીંટી ક્યાંક નીકળી પડી. રેતીમાં વીંટી ક્યાં ગરી ગઈ એની ખબર પડી નહીં. રેતી ચાળી એ વીંટી શોધવા હું આ સિપાઈઓને અહીં લઈ આવ્યો છું.'

**- અનુસંધાન પાના નં.૧૫ પર**

**Post Registration No. MNW/277/2018-2020**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**
**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ શામળજી દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૯૩૨૩૪૧૨૪૭૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ: શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરુ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ: ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**"Licence to Post Without Pre Payment"**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2019**



ગોરક્ષા પાત્ર
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

**To,**